દેશની લગભગ તમામ પીએસયુ બેંકોએ તાજેતરમાં તગડો નફો બતાવ્યો છે. દરેક બેંકો બેડ લોન્સ, પ્રધાનોની ચિઠ્ઠીથી અપાતી લોન, અધૂરા ડોક્યુમેન્ટથી અપાતી લોન વગેરથી દુર રહી છે. નોન પરફોર્મિંગ એસેટ(એનપીએ)ને પણ કાબુમાં રાખી શકી હોવાથી જાહેર ક્ષેત્રની બેંકો નફો રળી શકે છે. પંજાબ નેશનલ બેંક, યુનિયન બેંક જેવી બહુ જાણીતી બેંકોના નફામાં વધારો થયો છે તેમજ શેરમાર્કેટમાં પણ નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સમાં પણ વધારો નોંધાયો છે. સામાન્ય રીતે લોકો માનતા હતા કે ખાનગી બેંકો અને જાહેર ક્ષેત્રની બેંકો વચ્ચે ગ્રાહકોને સારી સર્વિસ આપવામાં સ્પર્ધા ચાલે છે પરંતુ ગ્રાહકો બહુ સારી રીતે જાણે છેકે બંનેનો આશય વધુ નફો રળવાનો છે અને તે માટે બંને ગ્રાહકો પર વિવિધ ચાર્જીસ લગાવે છે. સરકાર બેંકોની કામગીરીમાં સુધારણાની જાહેરાતો બહુ મોટા પાયે કરે છે પરંતુ તેના અમલીકરણની સિસ્ટમ ઉભી કરી શકતી નથી. ઉદાહરણ તરીકે બે મહિના અગાઉં એવી જાહેરાત કરાઇ હતી કે આજે ડિપોઝિટ કરાવેલો ચેક સાંજેજ પાસ થઇને તે રકમ ખાતામાં આવી જશે. સિસ્ટમ બહુ સારી હતી. લોકો જે દિવસે ચેક ભરે તેજ દિવસે તે પાસ થઇ જાય તેને ભારતના આર્થિક તંત્રમાં એક બહુ ઉપયોગી પગલાં તરીકે આવકારાયું હતું. અત્યાર સુધી એવું હતું કે લોકો ચેક ભરે એટલે બીજી દિવસે તે ક્લીયરીંગ જાય અને ત્રીજા દિવસે ખાતામાં પૈસા જમા થતા હતા. સત્તાવાળાઓએ જ્યારે એકજ દિવસમાં ક્લિયરીંગની વાત કરી ત્યારે સામે છેડે બેંકાએ મનમાની શરૂ કરી હતી અને સવારે અગિયાર વાગ્યા સુધીમાં ચેક ભરાય તોજ તે ક્લિયરીંગમાં મોકલાશે એમ નક્કી કર્યું હતું. રિઝર્વ બેંક અને નાણા મંત્રાલય બંનેને બેંકોની મનમાનીની ખબર છે પરંતુ તે પગલાં લઇ શક્યા નથી.કેટલીક બેંકોમાં ગુજરાતી નહીં જાણતો સ્ટાફ હોય છે જેના કારણે ગુજરાતી લોકોની રજૂઆતો તે લોકો સમજી શકતા નથી જેના કારણે બેંકોની કે સરકારની યોજનાનો લાભ પણ મેળવી શકતા નથી કે પોતાની અન્ય આર્થિક સમસ્યાનો ઉકેલ પણ લાવી શકતા નથી. બેંકના ગ્રાહકો ખરેખર બેંકો મારફતે લેવાતી દંડની રકમ સમાન હીડન કોસ્ટ, નબળી સર્વિસ અને ડિજીટલ ધાંધિયાથી ત્રસ્ત છે. કેટલાક ચાર્જીસ તો સાવજ ખોટા લેવાય છે. જ્યારે બેંકો તે બાબતે બેંકના વહિવટકારોને સવાલ કરે છે ત્યારે એવો જવાબ મળે છેકે રિઝર્વ બેંકની સૂચના છે. હજારો લોકોના ખાતામાંથી મિનિમમ બેલેન્સ ના હોવાના કારણે દંડ પેટે ચોક્કસ રકમ કપાઇ છે. ગ્રાહકના ખાતાનું બેલેન્સ ખાલી થાય ત્યાં સુધી તે રકમ કપાય છે. ગ્રાહક જેવો પૈસા ડિપોઝિટ કરેકે તરતજ બાકી કપાત તેમાંથી કાપી લેવાય છે. બેંકો ક્યારેય ગ્રાહકને સમજાવતી નથી કે મિનિમમ બેલેન્સ રાખવું જરૂરી છે. નાનો બિઝનેસ કરતા યુવાનો બિઝનેસના નામે કરંટ ખાતું ખોલાવે છે. તે બેલેન્સ ના રાખી શકે તે સ્વભાવિક છે. તેના ખાતામાંથી પૈસા કાપી લેવાય છે. સરકાર એક તરફ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપે છે તો બીજી તરફ બેંકો ઉદ્યોગ સાહસિકોના ખાતામાંથી પૈસા કાપી નાખે છે. કેટલીક બેંકો મનમાની રીતે પેનલ્ટી લગાવે છે અને ગ્રાહકને જાણ કર્યા વગેર તેના ખાતામાંથી પૈસા કાપી નાખે છે. કેવાયસી બાબતે પણ બેંકોનું વલણ જડભરત સમાન હોય છે. કેવાયસી નહીં આપનારનું ખાતું અચાનકજ ફ્રીઝ કરી દેવામાં આવે છે. ખાતેદારને એસએમએસ કરીને જણાવવાની તસ્દી પણ નથી લેવાતી. ગ્રાહક બિચારો દોડતો પૂછવા જાય છે કે મારું ખાતું બંધ કેમ છે ત્યારે તેની પાસે કેવાયસી માંગવામાં આવે છે. એટીએમ સર્વિસના ધાંધિયાથી પણ લોકો પરેશાન છે. એટીએમમાં પૈસા લેવાનું નિષ્ફળ થાય તો અથવા ડિજીટલ એપમાં મુશ્કેલી આવે તો પણ ખાતામાં પૈસા પાછા આવતા લાંબી રાહ જોવી પડે છે. બેંકોની તમામ સેવાઓ મફત હોય છે એમ માનવાની જરૂર નથી. ગ્રાહકોના પૈસાનો વહિવટ કરતી બેંકો એક સમયે નોન પર્ફોર્મીંગ એસેટના મુદ્દે બદનામ હતી. તેના કરોડા રૂપિયા ડૂબ્યા હતા. મોબાઇલ ટેકનોલોજી વિકસી છે. દરેક ટેલિકોમ કંપની એસએમએસ સર્વિસ ફ્રી આપે છે પરંતુ બેંકો તેના પર ચાર્જ વસુલ કરીને પોતાનો નફો વધારે છે.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતમાં ખરેખર વરસાદ વધુ પડી રહ્યો છે કે પછી આપણી શહેરી વ્યવસ્થા સંકોચાઈ ગઈ છે? બીજો જવાબ વધુ સચોટ જણાય છે. કુદરતે પોતાનો સ્વભાવ સંપૂર્ણપણે નથી બદલ્યો. વાસ્તવમાં, આપણે આપણા શહેરોનું ચિત્ર બદલી નાખ્યું છે : આપણા નગર આયોજનમાં વર્ષોથી એક ગંભીર ભૂલ થતી રહી છે. શહેરોને માત્ર વસ્તી વસાવવાની જગ્યા સમજવામાં આવ્યા, જ્યારે પાણીના પ્રવાહના વિજ્ઞાનને લગભગ ભુલાવી દેવાયું. રસ્તાઓ પહોળા થતા ગયા, પરંતુ નાળાઓ સાંકડા થતા ગયા

ગેર વહિવટનો વરસાદ : તંત્ર ભ્રષ્ટાચારમાં અને શહેરો પાણીમાં ડૂબેલા છે

વિકાસના નામે જે હદે પ્રિ મોન્સુન ભ્રષ્ટાચાર કરવામાં આવે છે કે, વરસાદ પડે કે ન પડે પણ શહેરોમાં ભુવા ચોક્કસ પડે છે

સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતમાં ખરેખર વરસાદ વધુ પડી રહ્યો છે કે પછી આપણી શહેરી વ્યવસ્થા સંકોચાઈ ગઈ છે? બીજો જવાબ વધુ સચોટ જણાય છે. કુદરતે પોતાનો સ્વભાવ સંપૂર્ણપણે નથી બદલ્યો. વાસ્તવમાં, આપણે આપણા શહેરોનું ચિત્ર બદલી નાખ્યું છે : આપણા નગર આયોજનમાં વર્ષોથી એક ગંભીર ભૂલ થતી રહી છે. શહેરોને માત્ર વસ્તી વસાવવાની જગ્યા સમજવામાં આવ્યા, જ્યારે પાણીના પ્રવાહના વિજ્ઞાનને લગભગ ભુલાવી દેવાયું. રસ્તાઓ પહોળા થતા ગયા, પરંતુ નાળાઓ સાંકડા થતા ગયા. તળાવો અને વાવો અદ્રશ્ય થતી ગઈ. સિમેન્ટ અને ડામરે ધરતીના શ્વાસ રુંધી નાખ્યા. પાણીને જમીનમાં ઊતરવાના રસ્તા બંધ થતા ગયા : દુર્ભાગ્ય એ છે કે આપણા દેશમાં જવાબદારી નક્કી કરવાની સંસ્કૃતિ હજુ પણ નબળી છે. વરસાદ પૂરો થતાં જ ફાઈલો પણ સુકાઈ જાય છે અને આગામી ચોમાસા સુધી બધું ભુલાવી દેવાય છે. બીજી તરફ સમાજ પણ આ નિષ્ફળતામાંથી સંપૂર્ણપણે મુક્ત નથી. નાળાઓમાં પ્લાસ્ટિક ફેંકવું, જળ નિકાલના માર્ગો પર અતિક્રમણ કરવું, જાહેર સ્થળોને કચરાપેટીમાં ફેરવી દેવા પણ જળભરાવને આમંત્રણ આપે છે

ભારતમાં વરસાદ પડવો અને ન પડવો બંને વ્યવસ્થા અને વ્યથાનો ભાગ છે. ચામાસું સારું જાય તો ખેડૂતો માટે સારી વ્યવસ્થા થાય છે પણ બીજી તરફ શહેરોમાં વ્યથા ભોગવવાની આવે છે. વરસાદ ઓછો પડે તો શહેરોમાં સારી વ્યવસ્થા જળવાઈ રહે છે પણ ખેતી માટે વ્યથા ઊભી થાય છે. આ બંને પાસા વચ્ચે એક ત્રીજી વ્યવસ્થા ઊભી થયેલી છે. તે છે ગેરવહિવટના વરસાદની વ્યવસ્થા. દેશના દરેક મોટા શહેરો અને નગરોની પાલિકાઓ અને તેની સાથે સંકળાયેલી એજન્સીઓ દ્વારા એવી અદ્વિતિય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો આત્મનિર્ભર થઈ ગયા છે. તેમણે પ્રજાના અભાવ અને આફતને પોતાની કમાણીના અવસર બનાવી દીધા છે.

આપણા દેશમાં ગેરવહિવટનો વરસાદ જ એવો પડે છે કે, તંત્ર આખું ભ્રષ્ટાચારમાં અને શહેરો પાણીમાં ડૂબી જાય છે. પ્રજા માત્ર લાચારીથી પોતાની જ વ્યથાને જોતી રહે છે. વરસાદ આજે શહેરોમાં ભયનું પર્યાય બનતો જઈ રહ્યો છે. વાદળો વરસે છે, ત્યારે મહાનગરોથી લઈને નાના શહેરો સુધીના રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ જાય છે. ક્યાંક વાહનો તણાઈ જાય છે, ક્યાંક હોસ્પિટલોમાં પાણી ભરાઈ જાય છે, તો ક્યાંક એરપોર્ટ ઠપ થઈ જાય છે. ઘણીવાર તો લોકો પોતાના ઘરોમાં કેદ થઈને રહી જાય છે. આ દ્રશ્ય હવે અપવાદ નથી રહ્યું, લગભગ દરેક ચોમાસામાં આ લાચારી જોવા મળે છે. દેશના દરેક મોટા શહેરમાં પાણી ભરાવાની, તેના કારણે વીજળી ગુલ થવાની, ટ્રાફિક જામ થવાની અને બીજી ઘણી સમસ્યાઓ સતત વધી રહી છે પણ તંત્રને તેમાં રસ જ નથી. સ્પેસ ટેક્નોલોજીથી રસ્તા બનાવતી સરકારને ખરેખર રસ્તા ઉપર ભરાતા પાણી અને તેમાં અટવાતો સામાન્ય માણસ દેખાતો નથી.

જાણકારોના મતે સૌથી પહેલાં તો કેટલાક સવાલોના જવાબો શોધવાની તાતી જરૂર છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ભારતમાં ખરેખર વરસાદ વધુ પડી રહ્યો છે કે પછી આપણી શહેરી વ્યવસ્થા સંકોચાઈ ગઈ છે? બીજો જવાબ વધુ સચોટ જણાય છે. કુદરતે પોતાનો સ્વભાવ સંપૂર્ણપણે નથી બદલ્યો. વાસ્તવમાં, આપણે આપણા શહેરોનું ચિત્ર બદલી નાખ્યું છે. જે તળાવોમાં પાણી રોકાવું જોઈતું હતું, ત્યાં બહુમાળી ઈમારતો ખડી કરી દેવામાં આવી. જે નાળાઓમાંથી વરસાદનું પાણી નીકળતું હતું, ત્યાં મકાનો બનાવી દેવાયા. જે વેટલેન્ડ્સને શહેરની 'કુદરતી કિડની' કહેવામાં આવે છે, તેમને સિમેન્ટ-કંક્રિટથી ઢાંકી દેવામાં આવી. હવે પાણી પોતાના જૂના રસ્તા શોધે છે, તો આપણે તેને 'આપત્તિ' કહી દઈએ છીએ.

પર્વતીય રાજ્યોમાં પણ એક જ



વરસાદમાં જે પૂર આવે છે, વાદળ ફાટે છે અને ફ્લેશ ફ્લડ આવે છે તેમાં પણ આ અવિચારી અને અયોગ્ય વિકાસ જ જવાબદાર છે. આકાશમાંથી આવતું પાણી નદીમાં ભળીને આગળ વધે છે અને તે પોતાના કુદરતી રસ્તે જ આગળ જાય છે. જો તેમાં કોઈ વિઘ્ન આવે છે તો તે રસ્તો બદલે છે. આપણે નદીઓ કાપીને શહેરો વિકસાવી દીધા છે. તળાવો પૂરીને મકાનો અને હોટેલો બનાવી દીધા છે. તેના કારણે હવે પાણી પોતાના આગળ વધવાના રસ્તા શોધે છે અને દર વર્ષે ચોમાસામાં શહેરોમાં અફરાતફરી સર્જાય છે.

આપણા નગર આયોજનમાં વર્ષોથી એક ગંભીર ભૂલ થતી રહી છે. શહેરોને માત્ર વસ્તી વસાવવાની જગ્યા સમજવામાં આવ્યા, જ્યારે પાણીના પ્રવાહના વિજ્ઞાનને લગભગ ભુલાવી દેવાયું. રસ્તાઓ પહોળા થતા ગયા, પરંતુ નાળાઓ સાંકડા થતા ગયા. તળાવો અને વાવો અદ્રશ્ય થતી ગઈ. સિમેન્ટ અને ડામરે ધરતીના શ્વાસ રુંધી નાખ્યા. પાણીને જમીનમાં ઊતરવાના રસ્તા બંધ થતા ગયા. પરિણામ એ આવ્યું કે થોડાક કલાકનો વરસાદ પૂરા શહેરની ગતિ રોકી દે છે. ચારે તરફ માત્ર પાણીનું સામ્રાજ્ય હોય છે.

ઉલ્લેખનીય છે કે, ક્લાઈમેટ ચેન્જે અનેક પડકારોને વધુ કઠિન બનાવી દીધા છે. હવે વરસાદનું સ્વરૂપ બદલાઈ ગયું છે. પહેલાં જે પાણી કેટલાય દિવસોમાં પડતું હતું, તે હવે થોડાક કલાકોમાં જ પડી જાય છે. એવામાં પચાસ-સાઠ વર્ષ જૂના ધોરણો પર બનેલી સીવર વ્યવસ્થા ધ્વસ્ત થઈ જાય છે. નાળાઓ છલકાવા લાગે છે. રસ્તાઓ નદી બનવા લાગે છે. એવામાં વ્યવસ્થા પાસેથી અપેક્ષા રાખવી એ પોતાની જાતને છેતરવા સમાન છે. તેમાંય હાલમાં તો મોટાભાગે ફરિયાદો આવે છે કે, સ્થાનિક તંત્ર અને મળતીયાઓ અને કોન્ક્ટ્રાક્ટરો ભ્રષ્ટાચારમાં એવા ડૂબેલા હોય છે કે, પાણી અને વરસાદના નામે શહેર આખું ડૂબી જાય તો પણ તેમને કોઈ ફરક પડતો નથી.

નવાઈની વાત એ છે કે, કેન્દ્ર સરકાર દ્વારા જૂની યોજનાને નવા વાઘા પહેરાવીને અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત ૨.૦ / છસ્રૂૈં ૨.૦), રેઈન વોટર હાર્વેસ્ટિંગ (વરસાદી પાણીનો સંચય), અર્બન ફ્લડ મેનેજમેન્ટ અને 'સ્પોન્જ સિટી' જેવી વિભાવનાઓને આગળ વધારવામાં આવી હતી. જો આ યોજનાઓનું પ્રામાણિકતાથી અમલીકરણ થાય, તો ભારતીય શહેરોનું ચિત્ર બદલાઈ શકે છે. ભારતમાં એ ક્રમ રહ્યો છે કે, સરકારી યોજનાઓ પહેલાં સરકારી જાહેરાતોમાં જોવા મળે છે અને ત્યારબાદ તેના પરિણામો પણ સરકારની વાહવાહી કરતી જાહેરાતો અને પોસ્ટરોમાં જ જોવા મળે છે. તેનું અમલીકરણ અને તેની અસરો જમીની સ્તરે તો જોવા જ મળતા નથી. જાણકારોના મતે 'સ્પોન્જ સિટી' શબ્દ સાંભળવામાં આધુનિક લાગે છે, પરંતુ તેની મૂળ વિભાવના ભારતીય પરંપરાથી બહુ દૂર નથી. ગામડાઓમાં ખાબોચિયા તળાવ હતા, વાવ હતી, તળાવો હતા, ખુલ્લા મેદાનો હતા અને ખેતરોની પાળ હતી. આજથી દાયકાઓ પહેલાં વરસાદનું પાણી જમીનમાં સમાઈ જતું હતું. ગામડાઓમાં આજે પણ વરસાદી પાણી જમીનમાં ઉતરી જાય છે પણ શહેરોમાં તેમ થતું નથી. શહેરોમાં વિકાસના નામે ભ્રષ્ટાચાર વધ્યો અને તળાવો, મેદાનો અને ખુલ્લી જગ્યાનો ભોગ લેવાયો. ત્યારબાદ ત્યાં બેફામ રીતે બાંધકામો થયો અને પછી જમીનમાં ઉતરતું પાણી અટકી ગયું. ચારે તરફ ડામર અને સિમેન્ટ-કોંક્રિટના રસ્તા થઈ ગયા અને જમીનમાં ઉતરતું પાણી અટકી ગયું. વાવા, કુવા બધું જ બંજર થઈ ગયું અને પાણી જમા થવાના બદલે ભરાવા લાગ્યું. ભ્રષ્ટાચારીઓનું તેનાથી પણ પેટ ભરાયું નહીં. પ્રજાને સુવિધાના નામે લુંટયા બાદ ફરી એક સુવિધા આપવાનું કહીને લોકોના પરસેવાની ટેક્સની કમાણી ફરી પાછા વહિવટોમાં વાપરવાનું નક્કી કરવામાં આવ્યું. શહેરોમાં કરોડો રૂપિયા ખર્ચીને કૃત્રિમ જળાશયો બનાવવામાં આવ્યા, રેઈન ગાર્ડન અને વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમો બનાવવામાં અને લગાવવામાં આવી જેથી પાણી જમીનમાં ઉતરે. બોરવેલ રિચાર્જ થાય અને ભૂગર્ભજળનું સ્તર વધે. આ ખરેખર પ્રજાનો કે વ્યવસ્થાનો વિકાસ નથી પણ ભ્રષ્ટ તંત્ર, તેમના મળતીયાઓ અને કૌભાંડી કોન્ટ્રાક્ટરોનો વિકાસ છે. નગરપાલિકાઓ કે મહાનગરપાલિકાઓની જવાબદારી નક્કી કર્યા વિના આ સંકટનો ઉકેલ શક્ય નથી. જો કોઈ શહેરમાં દર વર્ષે એ જ રસ્તાઓ ડૂબે છે, એ જ અંડરપાસ જળમગ્ન થાય છે અને એ જ વિસ્તારો જળભરાવનો ભોગ બને છે, તો આને કુદરતી આપત્તિ ન કહી શકાય. આ વહીવટી નિષ્ફળતા છે. દુર્ભાગ્ય એ છે કે આપણા દેશમાં જવાબદારી નક્કી કરવાની સંસ્કૃતિ હજુ પણ નબળી છે. વરસાદ પૂરો થતાં જ ફાઈલો પણ સુકાઈ જાય છે અને આગામી ચોમાસા સુધી બધું ભુલાવી દેવાય છે. બીજી તરફ સમાજ પણ આ નિષ્ફળતામાંથી સંપૂર્ણપણે મુક્ત નથી. નાળાઓમાં પ્લાસ્ટિક ફેંકવું, જળ નિકાલના માર્ગો પર અતિક્રમણ કરવું, વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા ન કરવી અને જાહેર સ્થળોને કચરાપેટીમાં ફેરવી દેવા પણ જળભરાવને આમંત્રણ આપે છે. શહેરોની દેખરેખ સરકાર કરે છે, પરંતુ નાગરિકોની પણ જવાબદારી બને છે. દરેકની પોતાની ફરજ છે.

અમદાવાદની જ વાત કરીએ તો અહીયા તંત્ર એવું નઘરોળ અને નિંભર થઈ ગયું છે કે, પ્રજાના કામમાં કોઈ રસ જ નથી. તેમાંય ચોમાસું આવે એટલે પ્રિ મોન્સુન પ્લાનના નામે પ્રિ-ભ્રષ્ટાચારની કામગીરીઓ શરૂ થઈ જાય છે. અમદાવાદમાં એવા અનેક વિસ્તારો છે જ્યાં દાયકાઓથી પાણી ભરાય છે ત્યાં તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ અને મળતીયાઓ દ્વારા ઘણો સ્વવિકાસ કરાયો પણ આજની તારીખે પાણી ભરાય છે, ભુવા પડે છે. ઘણા વિસ્તારોમાં વિકાસ એટલો વધી ગયો છે કે, વગર વરસાદે પણ ભુવા પડી જાય છે. તેમાંય ચોમાસું શરૂ થાય એટલે અમદાવાદી તંત્ર પોતાનું ભ્રષ્ટાચારનું ઋતુકાવ્યા લખે છે. તે મનપાના મેઘદૂતમમાં મેઘને ચેતવવામાં આવે છે. હે મેઘ તું સૌથી પહેલાં ખમાસાથી નીકળીને પૂર્વ ઝોનમાં જોજે ત્યાં ૩૮ જગ્યાએ વર્ષોથી પાણી ભરાય છે. ત્યાં ન જવાય તો દક્ષિણ ઝોનમાં જજે ત્યાં મણિનગરમાં તને અચૂક પાણી ભરાયેલા મળશે અને તારું નસીબ હશે તો એકાદ ભુવામાં પણ પડવાનો તને લાહવો મળશે. જો તારું પુણ્ય તપતું હશે તો નારોલ-નરોડા રોડ ઉપર તને ભરાયેલા પાણી અને ટ્રાફિકમાં કલાકો સુધી ફસાઈ રહેવાનો અવસર પણ મળશે. તારામાં હિંમત વધે તો મધ્ય ઝોનમાં આંટો મારી આવજે ત્યાં પણ આઠ-દસ વિસ્તાર તને જળમગ્ન દેખાશે. ત્યાંથી નીકળ્યા બાદ તું ઉત્તર ઝોનમાં જજે ત્યાં ત્રીસેક વિસ્તારો છે જેમાં તને રસ્તા ઉપર બોટ લઈને ફરવાનો આનંદ માણવાનો અવસર મળશે. ત્યાંથી આગળ વધીને તું ઉત્તર પશ્ચિમ ઝોન અને ત્યાંથી આગળ શીલજ, શેલા રોડ સુધી જઈ આવજે ત્યાં તને ત્રણ-ત્રણ દિવસ સુધી રસ્તા ઉપર પાણી ભરાયેલા જોવાનો લાહવો મળશે.

ઈશ્વર સાથેનો સંબંધ અને માણસ માટેનો સદભાવ જ જ્યારે જીવનની સૌથી મોટી મૂડી બની જાય છે ત્યારે જીવનમાં કોઈ અંધકાર રહેતો નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવન એક મોટું ખાતું છે. દરરોજ આપણે તેમાં કંઈક જમા કરીએ છીએ અને કંઈક ઉપાડીએ છીએ. કેટલીકવાર આપણે રૂપિયાનો હિસાબ રાખીએ છીએ,તો કેટલીક વાર કર્મનો.પણ સૌથી મોટોહિસાબ તો એ છે કે આપણો સંબંધ કોની સાથે છે.

જેનો સંબંધ પૃથ્વીના રાજા સાથે હોય તેની નાની-મોટી અટકેલી બાબતો પણ એક પળમાં ઉકેલાઈ જાય છે.અને જેનો સંબંધ બ્રહ્માંડ ના રાજા,દયાળુ પરમાત્મા સાથે જોડાઈ જાય,તેના માટે તો જીવન માં કોઈ સમસ્યા જ રહેતી નથી કારણ કે સમસ્યા આવે તે પહેલાં જ તેનો ઉકેલ આવી જાય છે.

આપણે એ જ સત્યને સમજવાનો પ્રયાસ કરીશું. એક કથા આપણને શીખવે છે 'સંબંધની શક્તિ' અને બીજી કથા શીખવે છે 'સમય અને વિચારની પવિત્રતા'. બંને ભેગી થાય ત્યારે જીવનનું સાચું આધ્યાત્મિક સૂત્ર બને છે:સારા સંબંધ અને સારા વિચારએ જ ઈશ્વરની સૌથી મોટી પૂજા છે.

રાજા સાથેનો સંબંધ:ડરને પ્રેમમાં બદલી નાખે છે.એકવાર એક પંડિતે પોતાની પુત્રીના ભવિષ્ય માટે એક દુકાનદારને પાંચ સો રૂપિયા આપ્યા હતા.સમય વીત્યો, પુત્રી મોટી થઈ, અને જ્યારે પૈસા પાછા માંગવાનો વારો આવ્યો ત્યારે દુકાનદારે સ્પષ્ટ ના પાડી દીધી.ન કોઈ લેખિત પુરાવો ન કોઈ સાક્ષી. પંડિત લાચાર બની ગયો.અંતે તે રાજા પાસે ગયો. રાજાએ કોઈ લાંબુ ભાષણ ન આપ્યું. બસ એટલું જ કહ્યું, 'કાલે મારી સવારી નીકળશે, તું તે દુકાન પાસે ઊભો રહેજે.'

બીજા દિવસે જે થયું તે ચમત્કારથી ઓછું નહોતું. રાજાએ જાહેર રસ્તા પર સૌની સામે પંડિતને પ્રણામ કર્યા, તેને પોતાની શાહી ગાડીમાં બેસાડ્યો અને 'ગુરુજી' કહીને સન્માન આપ્યું. થોડી વાર પછી રાજા બોલ્યો, 'પંડિતજી, મેં મારો ભાગ ભજવી દીધો. હવે આગળ તમારા ભાગ્ય પર છે.'અને ખરેખર, ભાગ્ય પલટાઈ ગયું. દુકાનદારેજ્યારે આ દ્રશ્ય જોયું તો તેના પગ નીચેથી જમીન સરકી ગઈ. જેને તે સામાન્ય પંડિત સમજતો હતો તે રાજાનો ગુરુ નીકળ્યો. ડરના કારણે જ નહીં, પણ આદરના કારણે તેણે તરત હિસાબ તપાસ્યો. પાંચસોના બદલે વ્યાજ સાથે બાર હજાર થઈ ગયા હતા. અને ઉપરથી પુત્રીના લગ્ન માટે એક હજાર રૂપિયા ભેટમાં પણ આપ્યા. કુલ તેર હજાર પાંચસો સાથે પંડિત ઘરે પાછો ફર્યો.

અહીં પ્રશ્ન પૈસાનો નહોતો. પ્રશ્ન હતો ઓળખનો.જ્યાં સુધી પંડિતએકલો હતો, ત્યાં સુધી તેની કોઈ કિંમત નહોતી.પણ જેવો તેનો સંબંધ રાજા સાથે દુનિયાની સામે આવ્યો, એવી જ ક્ષણે દુકાનદારનું વલણ બદલાઈ ગયું.

આપણે પણ જીવનમાં ઘણીવાર એવા 'દુકાનદારો'ને મળીએ છીએ અહંકાર, લોભ,અન્યાય,સંજોગો. તેઓ આપણું હકનું પણ આપતા નથી.આપણે ફરિયાદ કરીએ,રડી એ, પણ પરિણામ શૂન્ય.પણ જે ક્ષણે આપણે 'રાજા' એટલે કે પરમાત્માને આપણા જીવનની સવારીમાં બેસાડીએ છીએ,તે જ ક્ષણે દુનિયાનો દ્રષ્ટિ કોણ બદલાઈ જાય છે. જે લોકો આપણને નહોતા ઓળખતા તેઓ આદર આપવા લાગે છે. જે દરવાજા બંધ હતા તે ખુલી જાય છે. કારણ કે જ્યારે ઈશ્વર આપણા પક્ષમાં હોય, ત્યારે વિરોધી પણ મિત્ર બની જાય છે.

શાસ્ત્રોમાં પણ કહ્યું છે: 'યસ્ય દેવે પરા ભક્તિ, યથા દેવે તથા ગુરૌ' જેની ભગવાનમાં પરમ ભક્તિ છે, તેના માટે બધું સરળ થઈ જાય છે. પૃથ્વીના રાજાનો એક ઈશારો આખી દુનિયા બદલી શકે છે, તો વિચારો બ્રહ્માંડના રાજાનો એક આશીર્વાદ શું ન કરી શકે?પાંચ મિનિટનો સમય:બીજાનું ભલું કે પોતાનું ભવિષ્ય?બીજી કથા વધુ કઠોર છે,પણ વધુ સત્યની નજીક છે. એક માણસને રસ્તામાં યમરાજ મળ્યા. તરસ્યા યમરાજને તેણે પાણી પીવડાવ્યું. પ્રસન્ન થઈને યમરાજે તેને એક તક આપી: 'આ ડાયરીમાં તું પાંચ મિનિટમાં જે લખીશ તે સત્ય થશે.'માણસે ડાયરી ખોલી.પહેલા પાને લખ્યું હતું કે પાડોશી લોટરી જીતવાનો છે. તેણે તરત લખી નાખ્યું: 'પાડોશીએ ન જીતવું જોઈએ.' બીજા પાને મિત્ર મંત્રી બનવાનો હતો. તેણે લખ્યું: 'મિત્ર હારી જવો જોઈએ.' આમ તે પાના ફેરવતો રહ્યો અને બીજાઓનું અહિત ઈચ્છવામાં પોતાનો બધો સમય વેડફી નાખ્યો.

જ્યારે પોતાના પાના પર પહોંચ્યો ત્યારે સમય પૂરો થઈ ગયો હતો. યમરાજે ડાયરી બંધ કરી અને કહ્યું, 'તેં તારો આખો સમય બીજાનું ખરાબ ઈચ્છવામાં વિતાવ્યો. હવે તારા માટે કંઈ બચ્યું નથી.'માણસ પસ્તાયો,પણ તીર છૂટી ગયું હતું.

*ઈશ્વર આપણને રોજ એક 'પાંચ મિનિટની ડાયરી' આપે છે. તેનું નામ છે આજનો દિવસ, આજનો શ્વાસ, આજની તક.

કોઈની પ્રગતિથી બળીએ છીએ? કોઈના પતનની રાહ જોઈએ છીએ? સોશિયલ મીડિયા પર બીજાની ટીકા કરવામાં સમય કાઢીએ છીએ?કે પછી પોતાનું જીવન સુધારવા, કોઈની મદ કરવા, કોઈના માટે પ્રાર્થના કરવામાં સમય વાપરીએ છીએ?

યમરાજની ડાયરીની જેમ,આપણો સમય પણ મર્યાદિત છે. અને સૌથી મોટી કરુણતા એ છે કે આપણે ઘણીવાર પોતાનું ભવિષ્ય સુધારવાને બદલે બીજાનું ભવિષ્ય બગાડવામાં શક્તિ વાપરીએ છીએ.

સંતો કહે છે:'પર નિંદા,પર દોષ દર્શનએ યમના દૂતોનું કામ છે.'જે બીજાનું ભલું ઈચ્છે છે, તેના માટે ભગવાન સ્વયં રસ્તા ખોલે છે. અને જે બીજાનું બૂરું ઈચ્છે છે, તે સૌથી પહેલા પોતાનું જ બૂરું કરી બેસે છે. બંને કથાઓનું મિલન:સંબંધ+સેવા = મુક્તિ જો ધ્યાનથી જોઈએ તો બંને વાર્તાઓ એક જ સિક્કાની બે બાજુ છે.

પહેલી વાર્તા કહે છે:ઉપર સાથે સંબંધ રાખો.બીજી વાર્તા કહે છે: બાજુવાળા સાથે સદભાવ રાખો.

પંડિતે રાજા સાથેનો સંબંધ સાચવ્યો,એટલે તેનું કામ થયું.તે માણસે યમરાજ પાસેથી તક મળી, પણ તેણે તેનો ઉપયોગ સ્વાર્થ અને ઈર્ષ્યામાં કર્યો, એટલે તેનું કામ બગડ્યું.જીવનમાં સફળતાનું સૂત્ર આટલું જ છે: *ઊર્ધ્વ સંબંધ ભગવાન સાથે પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણનો સંબંધ. રોજ થોડીવાર મૌન, પ્રાર્થના, સ્મરણ. જેમ રાજાએ પંડિતને ઓળખ આપી, તેમ ભગવાન આપણને સંકટમાં ઓળખ આપે છે. *સમક્ષ સંબંધ માણસ સાથે કરુણા, સહાય અને શુભેચ્છાનો સંબંધ. પાણી માંગનારને પાણી આપવું, ભલે સામે યમરાજ જ કેમ ન હોય. જેની પાસે આ બંને છે, તેને કોઈ દુકાનદાર છેતરી શકતો નથી અને કોઈ યમરાજ પણ અકાળે લઈ જઈ શકતો નથી. વ્યવહારમાં આપણે શું કરીએ? આ કથાઓ માત્ર સાંભળવા માટે નથી. તેને જીવવા માટે છે. *પ્રથમ દરરોજ સવારે પાંચ મિનિટ ભગવાનને આપો. ફરિયાદ માટે નહીં, ફક્ત કૃતજ્ઞતા માટે. કહો: 'પ્રભુ, તું મારો રાજા છે.મારી નાની- મોટી બધી જવાબદારી તને સોંપું છું.

કર્ણ અર્જુન જેવો જ ધનુર્ધર હતો, એટલે જ એને છળથી મારવામાં આવ્યો!

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુ સનાતન સંસ્કૃતિ મુજબ ધર્મ રુપી બળદનાં ચાર ચરણો, એટલે કે તપ, શૌચ,(પવિત્રતા) દયા અને સત્ય બતાવ્યાં છે, પણ કળિયુગમાં પ્રથમ ત્રણ બહું અનુસરી શકાતાં નથી! અને સત્ય એટલે કે સદાચાર પણ એટલું આચરી શકાય નહીં, એટલે ભાગવત અનુસાર કળિયુગમાં દાનને જ મુખ્ય ધર્મ કહ્યો છે. સતયુગ, ત્રેતા, અને દ્વાપરમાં પણ દાનનો મહિમા હતો જ, પણ કળિયુગમાં વિશેષ મહત્વ છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

અને આપણે જાણીએ છીએ કે અધર્મે જ્યારે માજા મુકી છે, ત્યારે બીજું કંઈ થાય કે ન થાય, પણ દાન ખૂબ થાય છે! ભલે એનાં કારણો કદાચ જુદાં જુદાં હોઈ શકે! એટલે કે દરેક દાન પાછળ સંવેદના હોતી નથી, ક્યારેક સ્વર્ગ નર્ક અને પાપનો ડર પણ હોય છે, તો ક્યારેક ટેક્સથી બચવા પણ દાન કરે છે, પરંતુ વધતી જતી વસ્તી અને ગરીબી દૂર કરવાં કોઈ ને કોઈ રીતે સામાજિક દાયિત્વ નિભાવવા દાન કરવું એ મહત્વપૂર્ણ છે. સમાજમાં આજે કેટલી કેટલીય એનજીઓ સામાજિક દાયિત્વ માટે ચાલે છે, અને જો એને દાન મળે નહીં તો એ કેમ ચાલે? હાં એક વાત જુદી છે કે, પોતાનાને રાખે કે ન રાખે, પણ ક્યારેક સ્ટેટ્સ માટે પણ દાન કરતાં હોય છે! આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ અને મહાભારતનું એક મહત્વનું પાત્ર એટલે કર્ણ, કે જેની આગળ દાનેશ્વરીનું વિશેષણ લાગે છે ! એનાં વિશે આપણે વાત કરીશું.

મહાભારતમાં કર્ણ એક એવું પાત્ર છે, જેને જોતાં આપણને લાગે કે અર્જુન જેવો જ ધનુર્ધર હોવા છતાં, એને ખૂબ અન્યાય થયો છે! કર્ણ અધિરથ અને રાધાનાં પાલક પુત્ર તરીકે ઓળખાય છે, આ ઉપરાંત દાસીપુત્ર, રાધેય કે અંગરાજનાં નામથી ઓળખાય છે. પરંતુ એ કુંતીનો પુત્ર છે, કુંતી જ્યારે કુંવારી હતી, ત્યારે એમણે સૂર્ય દેવને પુત્ર માટે આહવાન કર્યું અને એનો જન્મ થયો, પરંતુ કુંવારી માતાને હંમેશાં સમાજમાં બદનામીનો ડર લાગે છે, એમ કુંતીને પણ લાગ્યો! અને એમણે નવજાત શિશુને એક પેટીમાં મુકી નદીમાં વહાવી દીધો! અને એ પુત્રને અધિરથ અને રાધાએ ઉછેર્યો! એટલે કે રાજ મહેલમાં જેનો ઉછેર થવો જોઈએ, એ સામાન્ય ઘરમાં ઉછર્યો! કર્ણનાં દેખાવ વિશે કહેવું હોય, તો એ સુવર્ણના તાડ જેવો ઊંચો, સિંહ જેવો પ્રતિભાશાળી, દાનવીર, પરાક્રમી અને તેજસ્વી હતો. તે મહાન દાતા તરીકે જાણીતો હતો, અને તે દરરોજ સવારે દાન આપતો.

કર્ણ અને પરશુરામ વચ્ચે ગુરુ અને શિષ્યનો સંબંધ હતો. કર્ણ મહાન યોદ્ધા બનવાં માંગતો હતો, પરંતુ પરશુરામ માત્ર બ્રાહ્મણોને જ શસ્ત્ર વિદ્યા શીખવતા હતા, તેથી કર્ણે પોતાની સાચી ઓળખ છુપાવી બ્રાહ્મણ હોવાનું જૂઠ્ઠું બોલીને પ્રવેશ મેળવ્યો હતો. પરશુરામજીએ કર્ણને તમામ દિવ્ય અસ્ત્ર-શસ્ત્રનું જ્ઞાન આપ્યું. પરંતુ એક દિવસ પરશુરામજી જંગલમાં કર્ણનાં ખોળામાં માથું રાખીને સૂતાં હતાં, ત્યારે એક ભ્રમર જેવા કીડાએ કર્ણનાં સાથળમાં ડંખ મારવાનું અને લોહી ચૂસવાનું શરૂ કર્યું, પણ ગુરુની ઊંઘ બગડે નહીં, તે માટે કર્ણે આ અસહ્ય પીડા ચૂપચાપ સહન કરી લીધી, અને જરાય હલ્યો નહીં. પરશુરામજી જ્યારે જાગ્યાં અને જોયું કે કર્ણનો સાથળ લોહીલુહાણ છે. તેઓ સમજી ગયાં કે આટલી ભયંકર પીડા કોઈ બ્રાહ્મણ નહીં પણ ક્ષત્રિય જ સહન કરી શકે. સત્ય બહાર આવતાં ગુસ્સે ભરાયેલાં પરશુરામે કર્ણને શાપ આપ્યો, કે જ્યારે તને સૌથી વધુ જરૂર હશે, ત્યારે તું આ બધી વિદ્યા ભૂલી જઈશ, પરંતુ વિજયી નામનું ધનુષ્ય ભેટ આપ્યું, અને કહ્યું કે આ ધનુષ તારાં હાથમાં હશે ત્યાં સુધી તને કોઈ હરાવી નહીં શકે. મૂળ વ્યાસ મહાભારતમાં કર્ણની પત્નીઓના નામનો સીધો ઉલ્લેખ નથી, પરંતુ સ્ત્રી પર્વમાં તેની એક પત્નીનો ઉલ્લેખ છે, જે યુદ્ધ ભૂમિ પર પોતાનાં પુત્રો માટે વિલાપ કરે છે. પ્રાદેશિક ગ્રંથો અને આધુનિક સાહિત્ય જેમ કે શિવાજી સાવંતની પ્રખ્યાત નવલકથા મૃત્યુંજય મુજબ કર્ણની મુખ્યત્વે બે પત્નીઓ હતી.કેટલાંક દક્ષિણ ભારતીય નાટકો અને પુસ્તકોમાં કર્ણની પત્ની તરીકે ઉરુવી અથવા પદ્માવતી નામની ક્ષત્રિય રાજકુમારીનો પણ ઉલ્લેખ જોવા મળે છે.વૃષાલીકર્ણની પ્રથમ પત્ની કે જે દુર્યોધનનાં સારથિ સત્યસેનની પુત્રી હતી. વૃષાલી સુશીલ અને ધૈર્યવાન હતી, તે પતિનાં સદગુણને ઓળખતી હતી, પરંતુ દુર્યોધન પ્રત્યેની તેની વફાદારી સામે તેણે કર્ણને ચેતવ્યો હતો. કર્ણનાં મૃત્યુ પછી તે સતી થઈ હોવાનું માનવામાં આવે છે.સુપ્રિયા કર્ણની બીજી પત્ની હતી, અને એ દુર્યોધનની પત્ની ભાનુમતીની દાસી હતી. જ્યારે દુર્યોધને કલિંગની રાજકુમારી ભાનુમતીનું હરણ કર્યું, ત્યારે કર્ણે તેને મદદ કરી હતી. ત્યારબાદ, ભાનુમતીનાં લગ્ન દુર્યોધન સાથે અનેસુપ્રિયાનાં લગ્ન કર્ણ સાથે થયાં હતાં. મહાભારતમાં કર્ણનાં નવ પુત્રનો ઉલ્લેખ મળે છે જેમાં વૃષસેન, શુષેણ, સત્યકામ, વૃષકેતુ,ચિત્રસેન,બાનસેન દ્વિપત, પ્રસેન,શત્રુંજય નામ છે.

ઓગષ્ટના પ્રથમ રવિવારે આપણે ફ્રેન્ડશિપ ડે એટલે મિત્રતા દિવસ ઉજવીએ છીએ! મહાભારતમાં કર્ણ અને દુર્યોધનની મિત્રતા ઈતિહાસમાં અતૂટ માનવામાં આવે છે. આ મિત્રતાની શરૂઆત હસ્તિનાપુરમાં આચાર્ય દ્રોણે રાખેલીરંગભૂમિની સ્પર્ધા દરમિયાન થઈ હતી. ગુરુ દ્રોણાચાર્યે જ્યારે અર્જુનને વિશ્વનો સર્વશ્રેષ્ઠ ધનુર્ધર જાહેર કર્યો, ત્યારે કર્ણએ અણધારી રીતે રંગભૂમિમાં પ્રવેશ કર્યો, અને અર્જુન જેવાં જ પરાક્રમો કરી બતાવ્યાં. ત્યાર બાદ તેણે અર્જુનને દ્વંદ્વયુદ્ધ યુદ્ધનો સામનો કરવા માટે પડકાર્યો.પરંતુ જ્યારે અર્જુન કર્ણ સાથે લડવા તૈયાર થયો, ત્યારે કૃપાચાર્ય અને ભીષ્મએ નિયમ જણાવ્યો કે રાજકુમાર માત્ર રાજકુમાર અથવા રાજા સાથે જ દ્વંદ્વયુદ્ધ રમી શકે. તેમણે કર્ણને તેના કુળ અને પિતાનું નામ પૂછ્યું. કર્ણ સૂતપુત્ર હોવાથી રંગભૂમિમાં તેનું ભારે અપમાન થયું,અને પાંડવોએ તેની મજાક ઉડાવી.દુર્યોધન પાંડવો અને ખાસ કરીને અર્જુનની તાકાતથી ઈર્ષ્યા કરતો હતો. તેણે જોયું કે કર્ણ એકમાત્ર એવો યોદ્ધા છે ,જે અર્જુનને હરાવી શકે છે. કર્ણનું અપમાન થતું જોઈ દુર્યોધને તુરંત જ સભા વચ્ચે જાહેરાત કરી કે, 'જો નિયમ મુજબ રાજા હોવું જરૂરી છે, તો હું હમણાં જ કર્ણને અંગ દેશનો રાજા જાહેર કરું છું. દુર્યોધને ત્યાં જ બ્રાહ્મણોને બોલાવી કર્ણનો રાજ્યાભિષેક કર્યો અને તેને'અંગરાજ'બનાવ્યો. આ સન્માનથી ભાવુક થઈને કર્ણએ દુર્યોધનને પૂછ્યું આ સન્માનનાં બદલામાં શું જોઈએ છે ત્યારે દુર્યોધને સાચી મિત્રતા માંગી. બસ આ ક્ષણથી બંને વચ્ચે એવી મિત્રતા શરૂ થઈ જે જીવનના અંત સુધી ચાલી. કર્ણએ પણ હંમેશાં દુર્યોધનનો પક્ષ ન્યાયી છે કે અન્યાયી તે જોયા વગર પોતાની વફાદારી નિભાવી.

ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે ઉજવ્યો 9મો સ્થાપના દિવસ, ડિજિટલ અને કેશલેસ બેંકિંગને છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડી રહી છે—પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

વિશ્વના સૌથી મોટા ડોરસ્ટેપ બેંકિંગ નેટવર્ક તરીકે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે 'છેવાડા સુધી સેવા'ને નાણાકીય સમાવેશની નવી ઓળખ બનાવી—પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ભારતમાં 13.25 કરોડ ગ્રાહકો, 77% ગ્રામ્ય ખાતાઓ અને 48.8% મહિલા ગ્રાહકો—ડિજિટલ તથા ડોરસ્ટેપ બેંકિંગ દ્વારા કરોડો ભારતીયોને સશક્ત બનાવી રહી છે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક





અમદાવા, તા.24

ડાક વિભાગના ઉપક્રમ રૂપે સ્થાપિત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્કે તેના 9મા સ્થાપના દિવસના અવસરે દેશમાં ડિજિટલ બેંકિંગ, ડોરસ્ટેપ બેંકિંગ અને નાણાકીય સમાવેશની તેની નોંધપાત્ર સફરને ઉજાગર કરી હતી. આ પ્રસંગે અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત ક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે કેક કાપીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં 'અંત્યોદય'ના સંકલ્પને સાકાર કરતા ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે 'છેલ્લા છેવાડા સુધી સેવા'ની પરિકલ્પનાને નવી ઊંચાઈઓ આપી છે. વર્ષ 2018-19માં ભારતમાં અંદાજે 56 લાખ ગ્રાહકો સાથે પોતાની સફર શરૂ કરનાર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક આજે 13.25 કરોડ ગ્રાહકો સાથે જોડાઈ ચૂકી છે. ગુજરાત સર્કલમાં 45.50 લાખ આઈપીપીબી ખાતાઓ કાર્યરત છે. આઈપીપીબી કરોડો ભારતીયોના જીવનમાં એક વિશ્વસનીય સાથી બનીને તેમને પોતાના નાણાંનું સંચાલન કરવા, પોતાના હકની રકમ મેળવવા અને આત્મવિશ્વાસ સાથે પોતાના સપનાઓ તરફ આગળ વધવા માટે સશક્ત બનાવી રહી છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે વિશ્વના સૌથી મોટા ડોરસ્ટેપ બેંકિંગ નેટવર્ક તરીકે આઈપીપીબીએ ટપાલ વિભાગના વિશાળ નેટવર્ક અને ડિજિટલ ટેકનોલોજીની શક્તિને જોડીને દેશના કરોડો નાગરિકોને, ખાસ કરીને ગ્રામીણ અને દૂરદૂરના વિસ્તારોમાં વસતા લોકોને, બેંકિંગ અને નાણાકીય સેવાઓની મુખ્યધારા સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. વર્ષ 2018-19માં ભારતમાં લગભગ 56 લાખ ગ્રાહકો સાથે પોતાની સફર શરૂ કરનાર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક આજે 13.25 કરોડ ગ્રાહકો સાથે જોડાઈ ચૂકી છે. તેમાં લગભગ 77 ટકા ખાતાઓ ગ્રામીણ ભારતમાં છે, જ્યારે આઈપીપીબીના કુલ ગ્રાહકોમાં 48.8 ટકા મહિલાઓ છે, જે મહિલા સશક્તિકરણમાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરે છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે દેશની લગભગ 10 ટકા બેંકિંગ માટે પાત્ર વસ્તી આઈપીપીબી સાથે જોડાયેલી છે, જ્યારે લગભગ 12 ટકા ડીબીટી લાભાર્થીઓ તેના માધ્યમથી સરકારી યોજનાઓનો લાભ મેળવી રહ્યા છે. ડિજિટલ બેંકિંગના ક્ષેત્રમાં પણ આઈપીપીબી સતત નવા સીમાચિહ્નો સ્થાપિત કરી રહી છે. યુપીઆઈ ઓટો-પેના ક્ષેત્રમાં ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દેશમાં ચોથા ક્રમે છે, જ્યારે યુપીઆઈ મારફતે કરવામાં આવતા બાહ્ય વ્યવહારોની સંખ્યાના આધારે તે દેશની નવમી સૌથી મોટી બેંક છે.

ગુજરાત સર્કલના આઈપીપીબીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી સંદીપ કુમારે જણાવ્યું હતું કે વ્યક્તિઓને સશક્ત બનાવવાથી લઈને તેમની રોજિંદી નાણાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સક્ષમ બનાવવા સુધી, આઈપીપીબી કરોડો ભારતીયો સુધી સમાવેશી, સુલભ અને સુવિધાજનક બેંકિંગને વધુ નજીક પહોંચાડવાના પોતાના સંકલ્પને સતત આગળ વધારી રહી છે. ગુજરાત સર્કલમાં 45.50 લાખ આઈપીપીબી ખાતાઓ કાર્યરત છે, જેમાંથી 26 લાખ ખાતાઓમાં આધાર સીડિંગ કરવામાં આવી છે.

આઈપીપીબીના ચીફ મેનેજર શ્રી અભિજિત જીભકાટે જણાવ્યું કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં હાલમાં 9.62 લાખથી વધુ આઈપીપીબી ખાતાઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં આઈપીપીબી દ્વારા અત્યાર સુધીમાં 3.13 લાખથી વધુ લોકોનું સામાન્ય સુરક્ષા વીમા હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જ્યારે 7.52 લાખથી વધુ લોકોએ ઘરબેઠાં મોબાઈલ અપડેશનની સુવિધાનો લાભ લીધો છે. ઉપરાંત, 83 હજારથી વધુ બાળકોનું સીઈએલસી અંતર્ગત ઘરબેઠાં આધાર નોંધણી કરવામાં આવી છે.

હજ કમિટી સામે ૫૦૦ કરોડના ભ્રષ્ટાચારનો ગંભીર આક્ષેપ : હજ યાત્રીઓ પાસેથી હવાઈ ભાડા અને સેવાઓના નામે કરોડો લોટીયા હોવાનો દાવો

- **હજ-૨૦૨૩ અને ૨૦૨૪ના હિસાબ સામે મોટો વિવાદ: ૧.૪૦ લાખનું વિમાન ભાડું વસૂલી માત્ર ૧૨ હજારનું રિફંડ પધરાવ્યાનો પર્દાફાશ**

અમદાવા તા.24

હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-૨૦૨૩થી હજ-૨૦૨૬ દરમિયાન હજયાત્રીઓ પાસેથી લેવાયેલી રકમ, રિફંડ પ્રક્રિયા, વિવિધ ટેન્ડરો તેમજ યાત્રીઓને અપાયેલી સુવિધાઓ અંગે અમદાવાદ ખાતે પત્રકાર પરિષદમાં ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. એડવોકેટ શમશાદ પઠાણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, હજ કોઈ વેપાર કે નફો કમાવવાનો વ્યવસાય નથી, હજયાત્રીઓ પાસેથી વસૂલાતી રકમ 'અમાનત' છે, તેના એક-એક રૂપિયાનો પારદર્શક હિસાબ સાર્વજનિક થવો જોઈએ.

રિફંડ અંગે વિરોધાભાસ અને હવાઈ ભાડામાં મોટો તફાવતની રજૂઆત કરવામાં આવી હતી.

RTIના જવાબમાં હજ કમિટીએ હજ-૨૦૨૩નું રિકન્સિલિએશન પૂર્ણ કરી સરપ્લસ રકમ રિફંડ કરી દીધી હોવાનો દાવો કર્યો છે. વાસ્તવિકતા એછે આજે અનેક હાજીઓ રિફંડથી વંચિત છે. હજ-૨૦૨૩માં મુંબઈની સરખામણીએ અમદાવાદથી જતાં હાજીઓ પાસેથી આશરે રૂપિયા ૬૭,૯૮૧ જેટલી વધારે રકમ લેવામાં આવી હતી. ગુજરાતમાંથી અંદાજે ૨૦,૦૦૦ હાજીઓએ આ વધારાની રકમ ચૂકવી હોવાથી તે રકમ આશરે રૂપિયા ૧૩૫.૯૬ કરોડ જેટલી થાય છે. આ તફાવત માત્ર એરફેરનો હતો કે અન્ય ખર્ચનો, તેનું સત્તાવાર ટેન્ડર, એરલાઈન પેમેન્ટ અને ડોક્યુમેન્ટરી વેરિફિકેશન થવું અનિવાર્ય છે.

હજ-૨૦૨૬માં ખરીદાયેલી ૧,૨૨,૫૧૮ ટેલર-મેડ સ્માર્ટ વોચ અને સિમ ઈ-સિમ પ્રોક્યોરમેન્ટ સામે ઉઠ્યો છે. અંદાજે રૂપિયા ૭,૫૦૦ પ્રતિ ડિવાઈસ ગણીએ તો આ ખર્ચ ૯૧.૮૭ કરોડથી વધુ થાય છે. આ ડિવાઈસ સેફ્ટી અને લોકેશન ટ્રેકિંગ માટે હતું, પરંતુ મીના, અરાફાત અને મુઝદલિફા જેવા અતિ મહત્વના સ્થળોએ આ ઘડિયાળો ચાલુ ન થવી, બેટરી ન ટકવી કે ગણતરીના કલાકોમાં બંધ પડી જવાની ફરિયાદો ઊઠી હતી. આ મામલે હાજીઓના લેખિત નિવેદનો અને વીડિયો પુરાવા રજૂ કરી સવાલ કરાયો હતો કે શું આ સાધન યોગ્ય ટેકનિકલ સ્પેસિફિકેશન મુજબનું હતું કે જૂના મોડલ પધરાવી દેવાયા હતા?

RTI હેઠળ મળેલા દસ્તાવેજોને ટાંકીને જણાવ્યું હતું કે મોઅલ્લિમ સેવા માટે ૨૦૨૩માં ૪,૯૦૦ રિયાલ લેવાયા હતા, જ્યારે ૨૦૨૪માં એ જ પેકેજ ૨,૬૨૬ રિયાલ હતું, એટલે કે ૨,૩૦૦ રિયાલ વધુ લેવાયા હતા. સાથોસાથ, પેકેજમાં બસ સેવા સામેલ હોવા છતાં 'સારી બસ' આપવાના નામે ૧.૨૨ લાખ હાજીઓ પાસેથી માથાદીઠ ૫૦ રિયાલ વધારાના ઉઘરાવાયા હતા.

તેમણે ભારત સરકાર અને લઘુમતી બાબતોના મંત્રાલય સમક્ષ માંગણી કરી છે કે આ સમગ્ર પ્રક્રિયાનું કેગ (CAG) દ્વારા સ્વતંત્ર ઓડિટ કરાવવામાં આવે, એરલાઈન્સ, હોટલ અને બસના ઓરિજિનલ બિલ સાર્વજનિક કરવામાં આવે અને હાજીઓ પાસેથી વસૂલાયેલા તમામ વધારાના નાણાં વ્યાજબી રીતે પરત કરવામાં આવે.

અમદાવાદમાં ગુજરાત જાહેર સેવા આયોગ અને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત વિવિધ પરીક્ષા સંદર્ભે શહેર પોલીસ કમિશનરશ્રીનું પ્રતિબંધાત્મક જાહેરનામું

અમદાવાદ , તા.24

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ વહીવટી અધિકારી વર્ગ-૨ (જા.ક્ર. ૩૮/૨૦૨૬-૨૭)ની પ્રાથમિક કસોટી તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા. ૦૭/૦૯/૨૦૨૬થી તા. ૦૯/૦૯/૨૦૨૬ દરમિયાન વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા યોજાનાર છે. અમદાવાદ શહેરમાં આ પરીક્ષાઓનું શાંતિપૂર્ણ અને સુચારૂ આયોજન થાય, પરીક્ષાર્થીઓને શાંતચિત્તે અને શુદ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક હુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ હુકમ મુજબ પરીક્ષા કેન્દ્રો તથા તેની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત પરીક્ષા કેન્દ્રોની આસપાસના એક કિલોમીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ સેન્ટરો/દુકાનો ચાલુ રાખવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પરીક્ષા સ્થળે સક્ષમ અધિકારી સિવાયના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક/વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ, ગેરરીતી માટે ઉપયોગમાં લઈ શકાય તેવા સાધનો અથવા અનધિકૃત લેખન સામગ્રી લઈ જવા તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસ જાહેર વાહન વ્યવહારને અવરોધ થાય તે રીતે વાહનો પાર્ક કરવા પર પણ પ્રતિબંધ રહેશે. પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ જવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ પ્રતિબંધાત્મક હુકમ ફરજ પરના પોલીસદળ, હોમગાર્ડ તથા પરીક્ષા સંદર્ભે ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહીં. ગુજરાત જાહેર સેવા આયોગની વહીવટી અધિકારી વર્ગ-૨ની પ્રાથમિક કસોટી માટે આ હુકમ તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી ૧૫:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. જ્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા માટે તા. ૦૭/૦૯/૨૦૨૬થી તા. ૦૯/૦૯/૨૦૨૬ દરમિયાન દરરોજ ૦૭:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી હુકમ અમલમાં રહેશે.હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ્ડ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ વહીવટી અધિકારી વર્ગ-૨ (જા.ક્ર. ૩૮/૨૦૨૬-૨૭)ની પ્રાથમિક કસોટી તથા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તા. ૦૭/૦૯/૨૦૨૬થી તા. ૦૯/૦૯/૨૦૨૬ દરમિયાન વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષા યોજાનાર છે. અમદાવાદ શહેરમાં આ પરીક્ષાઓનું શાંતિપૂર્ણ અને સુચારૂ આયોજન થાય, પરીક્ષાર્થીઓને શાંતચિત્તે અને શુદ્ધ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક હુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

ગુજરાત વિદ્યાપીઠમાં 'સુરક્ષિત, સ્વસ્થ અને સમાવેશી પરિસર' વિષય પર વિશેષ પરિસંવાદ યોજાયો

પરિસ્થિતિમાં મહિલાઓ માટે ઉપલબ્ધ હેલ્પલાઈન અને સુરક્ષા સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



ગાંધીનગર માહિતી, તા.24

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત વિદ્યાપીઠના સર્વ સેવકો માટે 'સુરક્ષિત, સ્વસ્થ અને સમાવેશી પરિસર' વિષય પર વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિસંવાદમાં લૈંગિક સંવેદનશીલતા, પોષણ અને કાર્યસ્થળે મહિલાઓની સુરક્ષા અંગે POSH જાગૃતિ જેવા મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રથમ સત્રમાં 'POSH Act, 2013' અંગે મહિલાઓની સુરક્ષા અને અધિકારો સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ 'Gender Sensitization' તથા 'Gender Development & Empowerment' વિષય પર સેવકો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. અભયમ 181ની ટીમ દ્વારા કટોકટીની પરિસ્થિતિમાં મહિલાઓ માટે ઉપલબ્ધ હેલ્પલાઈન અને સુરક્ષા સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતે પરિસંવાદનો અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ ખાતે આયોજિત વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ (WAPS)-2026નો પ્રારંભ કરાવ્યો

તા. 5 થી 9 સપ્ટેમ્બર સુધી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ (WAPS)-2026

ગાંધીનગર માહિતી, તા.24

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ભારતમાં પ્રથમવાર અમદાવાદ ખાતે યોજાઈ રહેલી 'ધ હ્યુન્ડાઈ વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ (WAPS)-2026'નો વર્ચ્યુઅલ શુભારંભ કરાવ્યો હતો. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તા. 5 થી 9 સપ્ટેમ્બર દરમિયાન આ ચેમ્પિયનશિપ યોજાઈ રહી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ આર્ચરી એસોસિએશન ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી અર્જુન મુંડા પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી અમિતભાઈ શાહે તમામ ખેલાડીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું કે આ સ્પર્ધા તેમના સંસદીય મતવિસ્તારમાં યોજાઈ રહી છે, જે તેમના માટે ગૌરવની વાત છે.

શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતને વિશ્વનું સૌથી મોટું સ્પોર્ટ્સ સેન્ટર બનાવવાનું વિઝન છે. ગુજરાત માત્ર રમતગમતની સ્પર્ધાઓ માટે જ નહીં, પરંતુ તાલીમ, અત્યાધુનિક સુવિધાઓ અને રમતગમતનાં સાધનોના ઉત્પાદન માટે પણ વૈશ્વિક હબ બનવા જઈ રહ્યું છે.

મેડિકલ સાયન્સ અને સ્પોર્ટ્સ એન્જિનિયરિંગ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે ગુજરાત સ્પોર્ટ્સ એન્જિનિયરિંગ અને ખાસ કરીને સ્પોર્ટ્સ ઈન્જરી (Sports Injury) ના મેડિકલ સાયન્સ ક્ષેત્રે વિશ્વભરના ખેલાડીઓ માટે એક મોટું કેન્દ્ર બનીને ઊભરશે.

વર્લ્ડ પેરા આર્ચરી ચેમ્પિયનશિપમાં ભારતીય એથ્લિટ્સનો ઉત્સાહ વધારતાં તેમણે જણાવ્યું કે આ સ્પર્ધામાં ભારતની 29 સભ્યોની સશક્ત ટીમ મેદાનમાં ઉતરી છે. શ્રી શાહે હરવિંદર સિંહ, શીતલ દેવી, રાકેશ કુમાર, શ્યામ સુંદર સ્વામી અને પાયલ જેવા ખેલાડીઓને દેશ માટે પ્રેરણાના સ્રોત ગણાવ્યા હતા અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સ્પર્ધામાંથી પણ અનેક નવા વૈશ્વિક ખેલાડીઓ બહાર આવશે.

અમદાવાદ વર્ષ 2030ની કોમનવેલ્થ ગેમ્સના શતાબ્દી સંસ્કરણનું યજમાન બનવાનું છે. એટલું જ નહીં, વર્ષ 2036ના વર્લ્ડ ઓલિમ્પિકના યજમાન તરીકે પણ અમદાવાદ પ્રબળ દાવેદાર છે. તેમણે જણાવ્યું કે આ વર્ષે અમદાવાદ વિવિધ રમતોની આશરે 10 આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓની યજમાની કરી રહ્યું છે. ત્યારે આ સ્પર્ધા ખેલાડીઓ તેમજ અમદાવાદ માટે યાદગાર બની રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી શાહે વિશ્વભરના ખેલાડીઓને દૃઢ મનોબળ સાથે વિજેતા બનવા શુભેચ્છાઓ પાઠવવાની સાથે સોમનાથ, દ્વારકા અને એકતાનગર જેવાં પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા તેમજ ગુજરાતના આતિથ્યનો આનંદ માણવા આમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જન્માષ્ટમીના પાવન પર્વે સૌ ખેલાડીઓનું સ્વાગત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સનાતન સંસ્કૃતિમાં ભગવાન શ્રીકૃષ્ણ અને પ્રભુ શ્રીરામચંદ્રજીના કાળથી ધનુષ્ય-બાણ શૌર્ય અને સાધનાનાં પ્રતીક રહ્યાં છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ખેલે તે ખીલે'નો મંત્ર આપ્યો છે અને આજે તેમના વિઝનરી નેતૃત્વમાં ભારતના સ્પોર્ટ્સ સેક્ટરમાં 360 ડિગ્રી ટ્રાન્સફોર્મેશન આવ્યું છે. વડાપ્રધાનશ્રીના લાલ કિલ્લાની પ્રાચીર પરથી કરાયેલા પ્રવચનનો ઉલ્લેખ કરતાં શ્રી પટેલે કહ્યું કે રમતગમત માત્ર મેડલ જીતવાનું સાધન નહીં, પરંતુ યુવાનોના વ્યક્તિત્વ વિકાસ અને રાષ્ટ્રનિર્માણનું માધ્યમ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રીકાળમાં ગુજરાતમાં શરૂ થયેલા 'ખેલ મહાકુંભ' અને હવે રાષ્ટ્રીય સ્તરે 'ખેલો ઈન્ડિયા' જેવાં અભિયાનોથી પેરા સ્પોર્ટ્સને નવી દિશા મળી છે. જ્યાં એક સમયે પેરા સ્પોર્ટ્સનું અસ્તિત્વ નગણ્ય હતું, ત્યાં આજે આ પરિવર્તનના પરિણામે તાજેતરની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે મેળવેલા 29 મેડલ્સમાંથી 7 મેડલ્સ દિવ્યાંગ ખેલાડીઓએ જીત્યા છે. ગુજરાતમાં રમતગમતના વિકાસ પર ભાર મૂકતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ગાંધીનગરમાં રૂ. 316 કરોડના ખર્ચે અત્યાધુનિક 'પેરા-હાઈ પરફોર્મન્સ સેન્ટર' તૈયાર થઈ રહ્યું છે. રાજ્ય સરકાર પેરા ઓલિમ્પિકમાં ભાગ લેનાર દરેક દિવ્યાંગ ખેલાડીને રૂ. 10 લાખની આર્થિક સહાય અને વિજેતાઓને 'ખેલ પ્રતિભા પુરસ્કાર' આપે છે. પાયાના સ્તરે આર્ચરીના વિકાસ માટે 28 શાળાઓમાં 1,000 ખેલાડીઓને તાલીમ આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે અમદાવાદને 2030ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળી છે અને ભારત 2036માં ઓલિમ્પિકના આયોજનના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ તમામ ખેલાડીઓને તેમના શ્રેષ્ઠ પ્રદર્શન માટે શુભકામનાઓ પાઠવી હતી.

તિલક વર્મા-નીતિશ રેડ્ડીએ હારેલી બાજી જીતાડી : 30 બોલમાં 69 રનની મેચ વિનિંગ પાર્ટનરશીપ કરી; ન્યૂઝીલેન્ડ સામે 2-0થી આગળ થઈ ટીમ ઈન્ડિયા

નવી દિલ્હી, તા.24

ભારતે બીજી T20 મેચમાં ન્યૂઝીલેન્ડને 4 વિકેટથી હરાવી દીધું છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ 5 મેચની સિરીઝમાં 2-0ની લીડ મેળવી લીધી છે.

ક્વાઈસ્ટચર્ચમાં 181 રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે ભારતની જીતનો હીરો તિલક વર્મા રહ્યો હતો. ભારતીય ટીમ 14.5 ઓવરમાં 112 રન પર 6 વિકેટ ગુમાવી ચૂકી હતી. અહીંથી તિલક અને નીતિશ રેડ્ડીએ સાતમી વિકેટની ભાગીદારીમાં 30 બોલમાં 69 રન જોડીને ટીમને શાનદાર જીત અપાવી દીધી.



તિલકે પોતાની ઈનિંગમાં 26 બોલનો સામનો કરીને 6 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો, જ્યારે નીતિશ રેડ્ડીએ 13 બોલમાં 26 રન બનાવ્યા હતા.

તિલક વર્મા પ્લેયર ઓફ ધ મેચ બન્યો

છેલ્લી ઓવરમાં ભારત જીત્યું

ભારતને છેલ્લી ઓવરમાં જીત માટે 11 રન જોઈતા હતા. જેકબ ડફીની 20મી ઓવરમાં તિલક વર્માએ ચોગ્ગો ફટકાર્યો અને 25 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. છેલ્લી ઓવરના પાંચમા બોલ પર નીતિશ કુમાર રેડ્ડીએ 2 રન લઈને ભારતને જીત અપાવી.

જેકબ ડફીનો પાંચમો બોલ વાઈડ રહ્યો, જેના પછી ભારતને 2 બોલમાં 2 રન જોઈતા હતા. તિલક વર્માએ 26 બોલમાં અણનમ 51 રન બનાવ્યા.

તિલકની 25 બોલ પર ફિફ્ટી

તિલક વર્માએ 25 બોલમાં ફિફ્ટી પૂરી કરી. તેણે જેકબ ડફીની 20મી ઓવરની ત્રીજા બોલ પર 2 રન લઈને ફિફ્ટી પૂરી કરી. તિલકે અત્યાર સુધી 6 ચોગ્ગા અને 1 છગ્ગો લગાવ્યો છે.

19મી ઓવરમાં તિલકે 4 બાઉન્ડરી ફટકારી

તિલક વર્માએ 19મી ઓવરમાં નાથન સ્મિથ સામે 18 રન વસૂલ્યા. તેમણે ઓવરના પહેલા બોલ પર ચોગ્ગો, બીજા પર પણ ચોગ્ગો અને ચોથા બોલ પર ચોગ્ગો લગાવ્યો. ત્યારબાદ છેલ્લા બોલ પર છગ્ગો માર્યો. ભારતને જીત માટે છેલ્લી ઓવરમાં 11 રન જોઈએ છે.

18મી ઓવરમાં 17 રન બન્યા

18 ઓવર પછી નીતિશ કુમાર રેડ્ડી અને તિલક વર્માએ જેકબ ડફીની ઓવરમાં 17 રન બનાવી દીધા. નીતિશએ પહેલી બોલ પર છગ્ગો લગાવ્યો, જ્યારે તિલકે બે ચોગ્ગા માર્યા.

નીતિશ રેડ્ડીએ ચોગ્ગો માર્યો

નીતિશ કુમાર રેડ્ડીએ નાથન સ્મિથની ઓવરમાં 13 રન બનાવ્યા. તેમણે ઓવરના પહેલા બોલ પર ચોગ્ગો લગાવ્યો અને ત્યારબાદ સતત બે-બે રન 3 વખત લીધા. નીતિશ 7 બોલમાં 14 રન બનાવીને રમી રહ્યો છે, જ્યારે તિલક વર્મા 9 બોલમાં 10 રન પર છે.

સેન્ટનરને ચોથી વિકેટ મળી

14.5 ઓવરમાં ભારતને છઠ્ઠો ઝટકો લાગ્યો. મિચેલ સેન્ટનરે નમન ધીરને આઉટ કર્યો.

એનરિક નોર્કિયા ત્રીજા ટેસ્ટમાંથી બહાર : ગ્રોઇન ઈજાના કારણે ઓસ્ટ્રેલિયા સામે કેપટાઉન મેચમાં નહીં રમે, 27 ઓક્ટોબરથી મુકાબલો

નવી દિલ્હી, તા.24



સાઉથ આફ્રિકાના ઝડપી બોલર એનરિક નૉર્કિયાને ગ્રોઈન ઈજાને કારણે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે. સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ 27 ઑક્ટોબરથી કેપટાઉનમાં રમાશે.

યજમાન ટીમે નૉર્કિયાને બાદ કરતાં બાકીની ટીમમાં કોઈ ફેરફાર કર્યો નથી. નૉર્કિયાને ગેકેબરહા ટેસ્ટ દરમિયાન ઈજા થઈ હતી. તેમણે પ્રથમ ઇનિંગ્સમાં માત્ર 3.3 ઓવર બોલિંગ કરી હતી અને મેદાનની બહાર જતા રહ્યા હતા. બંને ટીમો 3 મેચોની સિરીઝમાં 1-1થી બરાબરી પર છે.

એનરિક નૉર્કિયાએ આ સિરીઝની બે મેચોમાં 5 વિકેટ ઝડપી છે.

ત્રીજી ટેસ્ટ માટેની સાઉથ આફ્રિકાની ટીમ

સાઉથ આફ્રિકાની ત્રીજી ટેસ્ટ માટેની ટીમમાં ટેમ્બા બાવુમા (કેપ્ટન), માર્ક્સ એકરમેન, ડેવિડ બેડિન્ઘમ, કોર્બિન બોશ, મેથ્યુ બ્રીટ્ઝકે, ગેરાલ્ડ કોએત્ઝી, સિમોન હાર્મર, માર્કો યાનસેન, કેશવ મહારાજ, એડન માર્કરમ, વિયાન મુલ્ડર, સેનુરાન મુથુસામી, ડેન પેટરસન, કાગિસો રબાડા, રાયન રિકેલ્ટન અને કાઇલ વેરેનેનો સમાવેશ થાય છે.

નૉર્કિયાની જગ્યાએ કોર્બિન બોશ, ગેરાલ્ડ કોએત્ઝી અથવા ડેન પેટરસનમાંથી કોઈ એકને તક મળી શકે છે.

સ્પિન અને વિકેટકીપરનો વિકલ્પ

સાઉથ આફ્રિકા પાસે ડાબોડી સ્પિનર કેશવ મહારાજનો વિકલ્પ પણ છે. ગેકેબેરહા ટેસ્ટમાં સિમોન હાર્મરને એકમાત્ર સ્પિનર તરીકે જાળવી રાખવામાં આવ્યો હતો અને મહારાજને બહાર રાખવામાં આવ્યા હતા.

વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાંથી અમન સેહરાવત અને અંતિમ પંઘાલ બહાર : સુજીત કલકલ કરશે ભારતીય દળનું નેતૃત્વ

નવી દિલ્હી, તા.24



એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા અમન સેહરાવત અને સિલ્વર મેડલ વિજેતા અંતિમ પંઘાલે વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. શનિવારથી કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં શરૂ થઈ રહેલી ચેમ્પિયનશિપમાં હવે એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા સુજીત કલકલ ભારતીય દળની આગેવાની કરશે. સુજીત મેન્સ 65 કિગ્રા ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં ઉતરશે. અંતિમની જગ્યાએ 53 કિગ્રા મહિલા કેટેગરીમાં નિશૂ અને અમનની જગ્યાએ 57 કિગ્રા મેન્સ ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં રાહુલ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)એ એશિયન ગેમ્સમાં ભાગ લેનારા પહેલવાનો અને અગાઉ યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપ ટ્રાયલના વિજેતાઓ વચ્ચે અંતિમ ટ્રાયલ યોજવાનો નિર્ણય લીધો હતો. જોકે, અમન અને અંતિમે ટ્રાયલમાં ભાગ લીધો નહોતો.

અંતિમ 53 કિગ્રાને બદલે 55 કિગ્રા કેટેગરીમાં ઉતરવા માગતી હતી

એશિયન ગેમ્સમાં 53 કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ જીતનાર અંતિમ પંઘાલે 53 કિગ્રાને બદલે 55 કિગ્રા કેટેગરીની ટ્રાયલમાં ઉતરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. જોકે, બાદમાં તેણે ચેમ્પિયનશિપમાંથી હટી જવાનો નિર્ણય કર્યો. તેની જગ્યાએ હવે નિશૂ 53 કિગ્રા કેટેગરીમાં ભારતનો પડકાર રજૂ કરશે.

અમનના હટવાનું કારણ સ્પષ્ટ નથી

એશિયન ગેમ્સમાં મેન્સ 57 કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ જીતનાર અમન શેરાવતે પણ સિલેક્શન ટ્રાયલમાં ભાગ લીધો નહોતો. તેના હટવાનું કારણ સ્પષ્ટ નથી. હવે આ કેટેગરીમાં રાહુલ ભારત તરફથી મુકાબલો કરશે.

સુજીત પાસેથી મેડલની આશા

સુજીત કલકલ પુરુષોના 65 Kg ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં ઉતરશે. તેણે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. સેમિફાઇનલમાં તેણે જાપાનના વર્તમાન ઓલિમ્પિક ચેમ્પિયન કોતારો કિયોકાને હરાવ્યો હતો. ત્યારબાદ ફાઇનલમાં તાજિકિસ્તાનના અબ્દુલમઝિદ કુદિયેવને હરાવીને ગોલ્ડ જીત્યો.

અફઘાનિસ્તાને ઝિમ્બાબ્વેને 7 વિકેટે હરાવ્યું : ટ્રાઇ સિરીઝ જીતી, રાશિદ ખાને સતત છઠ્ઠી વનડે ઇનિંગ્સમાં 3+ વિકેટ લીધી

નવી દિલ્હી, તા.24



અફઘાનિસ્તાને વન-ડે ટ્રાઇ સિરીઝની ફાઇનલમાં ઝિમ્બાબ્વેને 7 વિકેટે હરાવીને ટાઇટલ જીતી લીધું.

શુક્રવારે શારજાહમાં રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વેની ટીમ 43.3 ઓવરમાં 169 રને ઓલઆઉટ થઈ ગઈ. જવાબમાં અફઘાનિસ્તાને 34.3 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો.

ઈબ્રાહિમ ઝદરાને 96 બોલમાં અણનમ 70 રન બનાવ્યા. તેણે કેપ્ટન રહમત શાહ સાથે ત્રીજી વિકેટ માટે 82 રનની ભાગીદારી કરી. હશમતુલ્લાહ શાહિદીએ 35મી ઓવરમાં ચોગ્ગો ફટકારીને ટીમને જીત અપાવી.

ઈબ્રાહિમ ઝદરાનને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કર્યો.

રાશિદે સતત છઠ્ઠી વન-ડે ઇનિંગ્સમાં 3+ વિકેટ ઝડપી

રાશિદ ખાને 41 રન આપીને 3 વિકેટ ઝડપી. આ સાથે તે વન-ડે ક્રિકેટમાં સતત 6 ઇનિંગ્સમાં ઓછામાં ઓછી 3 વિકેટ ઝડપનાર વિશ્વનો બીજો બોલર બની ગયો.

ફઝલહક ફારૂકી, મોહમ્મદ નબી અને બિલાલ સમીએ પણ 2-2 વિકેટ ઝડપી, જ્યારે અઝમતુલ્લાહ ઓમરઝઈને 1 વિકેટ મળી. અફઘાનિસ્તાનના બોલરોએ શરૂઆતની 6 વિકેટ ઝડપી લઈને ઝિમ્બાબ્વેને દબાણમાં મૂકી દીધું હતું. રાશિદ ખાનને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પસંદ કર્યો. તેણે 11 વિકેટ ઝડપી.

સિકંદર રઝાની ફિફ્ટી, 40 વર્ષની ઉંમરે બનાવ્યો રેકોર્ડ

ઝિમ્બાબ્વે તરફથી કેપ્ટન સિકંદર રઝાએ સૌથી વધુ 68 રન બનાવ્યા. તેની ઇનિંગ્સમાં 3 છગ્ગા અને 3 ચોગ્ગા સામેલ હતા. રઝા વન-ડે ટુર્નામેન્ટની ફાઇનલમાં 40 વર્ષ કે તેથી વધુ ઉંમરે ફિફ્ટી ફટકારનાર પ્રથમ બેટર બની ગયો. રઝા જ્યારે ક્રિઝ પર ઉતર્યા, ત્યારે ઝિમ્બાબ્વેએ શરૂઆતમાં જ 3 વિકેટ ગુમાવી દીધી હતી. તાદિવનાશે મારુમાનીને ફારૂકીએ બોલ્ડ કર્યો. ત્યારબાદ ઓમરઝઈએ પોતાની જ બોલિંગમાં બ્રાયન બેનેટનો કેચ પકડ્યો. પછીની ઓવરમાં એકેમ ગઝનફરે તફડઝવા ત્સિગાનો શોર્ટ સ્ક્વેર લેગ પર એક હાથે શાનદાર કેચ લીધો. 13મી ઓવરમાં બ્રેન્ડન ટેલરના આઉટ થયા બાદ ઝિમ્બાબ્વેનો સ્કોર 4 વિકેટે 55 રન થઈ ગયો. ટેલરને સામીએ વિકેટકીપર રહમાનુલ્લાહ ગુરબાઝના હાથે કેચ કરાવ્યો.

રઝા અને બર્લે ઇનિંગ્સ સંભાળી, પરંતુ રાશિદે મેચનું પાસું પલટી નાખ્યું

શરૂઆતના ઝટકાઓ બાદ રઝા અને રિયાન બર્લે ઇનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો.

દીકરીના જન્મના માત્ર 36 દિવસ બાદ દીપિકા કામે વળગશે

મુંબઈ, તા.24



બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ પોતાની બીજી દીકરીના જન્મના માત્ર 36 દિવસ બાદ કામ પર પરત ફરવાની તૈયારીમાં છે. મીડિયા રિપોર્ટ અનુસાર, દીપિકા 26 ઓક્ટોબરથી શાહરુખ ખાનની બહુચર્ચિત ફિલ્મ 'કિંગ'ના ગીતનું શૂટિંગ શરૂ કરશે.

19 સપ્ટેમ્બર 2026ના રોજ પોતાની બીજી દીકરીનું સ્વાગત કર્યા બાદ આ દીપિકાનું પહેલું શૂટિંગ શેડ્યૂલ હશે. દીપિકા અને રણવીરે પોતાની બીજી દીકરીનું નામ દેવી પાદુકોણ સિંહ રાખ્યું છે.

મુંબઈમાં ગીત સાથે કમબેકની શરૂઆત

રિપોર્ટ્સ અનુસાર, દીપિકા પાદુકોણ અને શાહરુખ ખાન મુંબઈમાં ફિલ્મ 'કિંગ' માટે ભવ્ય સ્તરે બનનારા ગીતનું શૂટિંગ કરશે.

આ ગીતમાં ફિલ્મની સંપૂર્ણ સ્ટારકાસ્ટ જોવા મળી શકે છે. વૈભવી મર્ચન્ટ આ ગીતને કોરિયોગ્રાફ કરી રહ્યાં છે. જોકે, ગીતના ટાઇટલ અને સંગીતકાર વિશે હજુ સુધી સત્તાવાર માહિતી શેર કરવામાં આવી નથી.

'કિંગ'ના શૂટિંગ દરમિયાન દીપિકા અને શાહરુખની આ તસવીર સામે આવી હતી.

શાહરુખ અને દીપિકાની પડદા પરની છઠ્ઠી ફિલ્મ

'કિંગ' સાથે શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણની પડદા પરની જોડી ફરી એકવાર દર્શકો સમક્ષ જોવા મળશે. દીપિકાએ વર્ષ 2007માં ફરાહ ખાનની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું, જેમાં શાહરુખ ખાન લીડ રોલમાં હતો. ત્યારબાદ બંને 'ચેન્નાઈ એક્સપ્રેસ', 'હેપ્પી ન્યૂ યર', 'પઠાણ' અને 'જવાન' જેવી હિટ ફિલ્મોમાં સાથે જોવા મળી ચૂક્યા છે. 'કિંગ' બંનેની સાથેની છઠ્ઠી ફિલ્મ હશે.

દીપિકા અને રણવીરે પોતાની બીજી દીકરીનું નામ દેવી પાદુકોણ સિંહ રાખ્યું છે.

19 સપ્ટેમ્બરે બીજી દીકરીનો જન્મ થયો હતો

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ 19 સપ્ટેમ્બર 2026ના રોજ બીજી વખત માતા-પિતા બન્યા છે. આ પહેલાં સપ્ટેમ્બર 2024માં તેમની પ્રથમ દીકરી દુઆનો જન્મ થયો હતો. બંનેએ નવેમ્બર 2018માં ઇટાલીના લેક કોમોમાં લગ્ન કર્યા હતા. બંનેએ પોતાની બીજી દીકરીનું નામ દેવી પાદુકોણ સિંહ રાખ્યું છે.

450 કરોડનું બજેટ, 24 ડિસેમ્બરે રિલીઝ કરવાની તૈયારી

ફિલ્મ 'કિંગ'નું નિર્માણ મોટા પાયે કરવામાં આવી રહ્યું છે અને તેનું અંદાજિત બજેટ આશરે 450 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ એક્શન-થ્રિલર ફિલ્મમાં શાહરુખ અને દીપિકા ઉપરાંત સુહાના ખાન, અભિષેક બચ્ચન, રાની મુખર્જી, અભય વર્મા અને અરશદ વારસી મહત્ત્વની ભૂમિકાઓમાં છે.

PGમાં રહી, પૈસા બચાવવા ચાલીને જતી : હુમા કુરેશી

હુમા કુરેશીને 'ગેંગ્સ ઓફ વાસેપુર'માં 65 હજાર મળ્યા, બોડી શેમિંગ, ટ્રોલિંગ સહન કર્યું; હિટ પછી પણ સંઘર્ષ કરવો પડ્યો

મુંબઈ, તા.24



દિલ્હીની હુમા કુરેશીએ એક્ટિંગને કરિયર બનાવવા માટે પરિવારને મનાવવામાં મહિનાઓ લગાવ્યા. મુંબઈ પહોંચી ત્યારે ન કોઈ ગોડફાધર હતો, ન કોઈ ફિલ્મી લોન્ચ. નાના પીજીમાં ચાર છોકરીઓ સાથે રહીને ઓડિશન આપનારી હુમાએ જાહેરાતોથી શરૂઆત કરી. શાહરુખ ખાન અને આમિર ખાન જેવા સ્ટાર્સ સાથે જાહેરાતો કરી.

પછી એક મોબાઈલ એડના સેટ પર થયેલી મુલાકાતે તેમનું જીવન બદલી નાખ્યું. અનુરાગ કશ્યપે તેને ગેંગ્સ ઓફ વાસેપુરમાં તક આપી. ફિલ્મ હિટ થઈ, પરંતુ હુમાનો સંઘર્ષ પૂરો થયો નહીં. બોડી શેમિંગ, રિજેક્શન, ટ્રોલિંગ અને લિંકઅપની અફવાઓ વચ્ચે તેમણે અલગ-અલગ પાત્રોથી પોતાની ઓળખ બનાવી.

ભણવામાં હોશિયાર હતી, એક્ટિંગનો શોખ પછીથી કરિયર બન્યું

હુમા કુરેશીનો જન્મ 28 જુલાઈ 1986ના રોજ દિલ્હીમાં થયો હતો. તેના પિતા સલીમ કુરેશી રેસ્ટોરન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા છે. હુમાએ દિલ્હીની ગાર્ગી કોલેજમાંથી હિસ્ટ્રી ઓનર્સ કર્યું. કોલેજના દિવસોમાં તે અભ્યાસની સાથે ડ્રામા, ડિબેટ અને થિયેટરમાં સક્રિય રહી હતી. તે ડ્રામા સોસાયટીની પ્રેસિડેન્ટ પણ બની હતી.

થિયેટર દરમિયાન એનકે શર્મા તેના મેન્ટર બન્યા. ધ ઇન્ડિયન એક્સપ્રેસને આપેલા ઇન્ટરવ્યૂમાં હુમાએ જણાવ્યું હતું કે એનકે શર્માએ જ તેનામાં અભિનેત્રી બનવાની ક્ષમતા સૌથી પહેલા ઓળખી હતી. તેમણે 'ધ અમેરિકન પાયલટ' જેવા નાટકોમાં કામ કર્યું. હુમાના મતે, અભિનયનો સાચો જુસ્સો તેમને થિયેટર દરમિયાન જ અનુભવાયો હતો.

ડોક્ટર બનવાના અભ્યાસથી મુંબઈ સુધીની સફર

હુમાના પરિવારને લાગતું હતું કે તે ભણવામાં સારી છે અને આગળ શૈક્ષણિક કારકિર્દી બનાવશે. હુમાએ જણાવ્યું હતું કે તેના પિતા અભિનયના નિર્ણયને લઈને શરૂઆતમાં આશ્વસ્ત નહોતા. તેને પોતાના માતા-પિતાને મનાવવામાં લગભગ 6થી 8 મહિના લાગ્યા.

કરીના કપૂરના માસીએ 13 પિયાની ફીથી ફિલ્મોમાં ડેબ્યૂ કર્યું:'સાધના કટ'થી દેશભરમાં છવાઈ ગયાં

મુંબઈ, તા.24



હિન્દી સિનેમાના 60 અને 70ના દાયકામાં એક એવી એક્ટ્રેસ આવી, જેમણે પોતાની સુંદરતા, અભિનય અને સ્ટાઇલથી દર્શકોના દિલમાં ખાસ જગ્યા બનાવી. નામ હતું સાધના શિવદાસાની. ક્યારેક તેમની ફિલ્મો હિટ થતી હતી અને તેમની હેરસ્ટાઇલ આખા દેશમાં ટ્રેન્ડ કરતી હતી, પરંતુ જીવનના છેલ્લા તબક્કામાં તેમને બીમારી, આર્થિક તંગી અને એકલતાનો સામનો કરવો પડ્યો.સાધનાનો જન્મ 2 સપ્ટેમ્બર 1941ના રોજ બ્રિટિશ ઈન્ડિયાના કરાચીમાં એક સિંધી પરિવારમાં થયો હતો. 1947ના ભાગલા પછી તેમનો પરિવાર ભારત આવીને મુંબઈમાં સ્થાયી થયો. બાળપણથી જ સાધના એક્ટ્રેસ બનવા માંગતાં હતાં. લગભગ 14 વર્ષની ઉંમરે તેમને રાજ કપૂરની ફિલ્મ 'શ્રી 420'માં કામ કરવાની તક મળી, જ્યાં તેઓ 'મુડ મુડ કે' ગીતમાં બેકગ્રાઉન્ડ ડાન્સર તરીકે જોવા મળ્યાં હતાં.સાધનાના પિતા બંગાળી એક્ટ્રેસ અને ડાન્સર સાધના બોઝના ખૂબ મોટા પ્રશંસક હતા, તેથી તેમણે પોતાની દીકરીનું નામ સાધના રાખ્યું.

1 રૂપિયાની ફીથી ફિલ્મી સફર શરૂ થઈ

સાધનાની એક્ટિંગ કારકિર્દી ફિલ્મ 'અબાના'થી શરૂ થઈ. જે ભારતની પહેલી સિંધી ફિલ્મ હતી.

ટાઇગર પર હુમલા પહેલા શૂટર્સે મુંબઈમાં કરી હતી પ્રેક્ટિસ : આરેના જંગલમાં 3-4 દિવસ નિશાનેબાજી કરી

મુંબઈ, તા.24



ટાઇગર શ્રોફ ફાયરિંગ કેસમાં ત્રણેય શંકાસ્પદ શૂટરો 31 ઓક્ટોબર સુધી પોલીસ રિમાન્ડમાં છે. ક્રાઇમ બ્રાન્ચને તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, તેમણે ગુનાને અંજામ આપતા પહેલાં મુંબઈના આરેના જંગલમાં શૂટિંગની પ્રેક્ટિસ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ઋતિક, રેહાન અંસારી અને ફૂલ સિંહે 3થી 4 દિવસ સુધી દરરોજ બેથી અઢી કલાક અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમણે રવિવારે સાંજે ટાઇગર શ્રોફ પર ફાયરિંગ કર્યું હતું.

આ મામલે ત્રણેય શંકાસ્પદ શૂટરો સહિત અત્યાર સુધીમાં 10 આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે. પૂછપરછ દરમિયાન ત્રણેય આરોપીઓએ જણાવ્યું હતું કે, તેમણે મુંબઈની આરે કોલોનીના ગાઢ જંગલમાં ફાયરિંગની પ્રેક્ટિસ કરી હતી. રેહાન સિવાય ફૂલ સિંહ અને ઋતિકને પિસ્તોલ ચલાવવાનો અનુભવ નહોતો. પોલીસ આરે કોલોનીના જંગલમાં જતાં છ રસ્તાઓના CCTV ફૂટેજ તપાસી રહી છે.

પ્રેક્ટિસ દરમિયાન શરૂઆતમાં ત્રણેય એરગનથી ફાયરિંગ કરતા હતા. બાદમાં એકે અસલી પિસ્તોલથી બે રાઉન્ડ અને બીજાએ એક રાઉન્ડ ફાયર કર્યો હતો. ફાયરિંગમાં ઉપયોગમાં લેવાયેલું અસલી હથિયાર તેમને 17 ઓક્ટોબરે હોટેલમાં મળ્યું હતું. તે જ સાંજે ત્રણેય આરે કોલોનીના જંગલમાં એકાંત સ્થળે પહોંચ્યા અને ફાયરિંગની પ્રેક્ટિસ કરી હતી.

હથિયારો અમૃતસરથી મુંબઈ લાવવામાં આવ્યા

તપાસમાં સામે આવ્યું છે કે, હથિયારો 'ડેડ લેટર બોક્સ' પદ્ધતિથી અમૃતસરથી લાવવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા આરોપી રાધા અને બબીતાના માધ્યમથી તેમને ટ્રેન દ્વારા મુંબઈ પહોંચાડવામાં આવ્યા હતા. આ કામ લોરેન્સ ગૅંગના અનિલ પંડિતના કહેવા પર જતિને કર્યું હતું. જતિન, સમીર અને અંકિત સાથે અમૃતસર પણ ગયો હતો. મુંબઈમાં ટાઇગર શ્રોફ સાથે જોડાયેલા ફાયરિંગ કેસ બાદ ફેડરેશન ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ (FWICE)એ નિર્માતાઓ અને પ્રોડક્શન હાઉસને શૂટિંગ સેટ પર સુરક્ષાની વ્યવસ્થા વધુ મજબૂત કરવાની અપીલ કરી છે. FWICEએ પ્રોડક્શન હાઉસને એવા લોકોને કામે રાખવામાં સાવચેતી રાખવા કહ્યું છે, જેમની ઓળખ અને વ્યાવસાયિક રેકોર્ડની પુષ્ટિ થઈ નથી. ફેડરેશને ક્રૂ મેમ્બર્સનો યોગ્ય રેકોર્ડ રાખવાની અને જરૂર પડે ત્યારે તેમની અલગથી બેકગ્રાઉન્ડ તપાસ કરાવવાની સલાહ પણ આપી છે.

જિયો IPOના ત્રણ દિવસમાં 7 રેકોર્ડ : દેશનો સૌથી મોટો ઇશ્યૂ, 100 મિનિટમાં સંપૂર્ણ ભરાયો; ટાર્ગેટ કરતાં 22 ગણી વધુ અરજી મળી

મુંબઈ, તા.24

5 સપ્ટેમ્બર 2016ના રોજ રિલાયન્સે 'જિયો' નામે મફત સિમનું વિતરણ શરૂ કર્યું. એટલું જ નહીં, ત્યારબાદના 6 મહિના સુધી ઈન્ટરનેટ પણ મફત આપ્યું. જિયો સ્ટોર્સ પર ગ્રાહકોની લાંબી કતારો લાગી ગઈ.

10 વર્ષ પછી આ જિયોએ જ્યારે ભારતનો સૌથી મોટો IPO લાવ્યો, ત્યારે લોકો ફરી એકવાર મોટી સંખ્યામાં જોડાઈ ગયા. જિયો વિશ્વભરમાં 1 કરોડથી વધુ અરજીઓ મેળવનાર પ્રથમ IPO તો બન્યું જ, સાથે જ તેણે 3 દિવસમાં 7 રેકોર્ડ બનાવી નાખ્યા.

પ્રથમ રેકોર્ડ: એક કરોડ અરજીઓનો આંકડો પાર કરનાર વિશ્વનો પ્રથમ IPO

વૈશ્વિક સ્ટોક માર્કેટના ઇતિહાસમાં જિયો પ્લેટફોર્મ્સ એવો પ્રથમ IPO બની ગયો છે, જેને 10 મિલિયન એટલે કે 1 કરોડથી વધુ વ્યક્તિગત રોકાણકારોની અરજીઓ મળી છે. આ પહેલાં આ રેકોર્ડ ભારતની જ વારી એનર્જીઝના નામે હતો, જેને લગભગ 97.3 લાખ અરજીઓ મળી હતી.

બીજો રેકોર્ડ: ભારતીય કોર્પોરેટ ઇતિહાસનો સૌથી મોટો IPO

30,213 કરોડના ઇશ્યૂ કદ સાથે જિયો પ્લેટફોર્મ્સનો IPO ભારતના ઇતિહાસનું સૌથી મોટું ઇક્વિટી ઓફરિંગ બની ગયું છે. આ પહેલાં આ રેકોર્ડ હ્યુન્ડાઈ મોટર ઇન્ડિયાના નામે હતો.

ત્રીજો રેકોર્ડ: સૌથી વધુ પબ્લિક સબ્સ્ક્રિપ્શન બિડ્સ

એન્કર બુક સહિત જિયો પ્લેટફોર્મ્સ IPO માટે કુલ શેરની માગ 7.4 લાખ કરોડ રહી. પબ્લિક સબ્સ્ક્રિપ્શન કેટેગરીમાંથી 4.9 લાખ કરોડથી વધુની બિડ્સ મળી. ડેટાના આધારે એન્કર બુક બહાર મળેલી બિડ્સની વેલ્યુના મામલે આ ભારતનો સૌથી મોટો IPO બની ગયો છે, જેણે LG ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયાના 2025 IPOનો રેકોર્ડ પાછળ છોડી દીધો છે.

આ ઉપરાંત એન્કર બુકમાં એન્કર ઇન્વેસ્ટર્સને ફાળવવામાં આવેલા 8,110 કરોડના શેરોની સરખામણીએ આશરે 2.5 લાખ કરોડની માગ મળી.

ચોથો રેકોર્ડ: સંપૂર્ણપણે ફ્રેશ શેર ધરાવતો સૌથી મોટો IPO

કુલ 30,213 કરોડનો ઇશ્યૂ 27 કરોડ નવા ફ્રેશ શેરોથી બનેલો હતો. ઓફર ફોર સેલ (OFS) વાળા IPOથી વિપરીત, તેમાં પેરન્ટ કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અથવા વ્યૂહાત્મક રોકાણકારો મેટા અને ગૂગલે પોતાની કોઈ



હિસ્સેદારી વેચી નથી.

પાંચમો રેકોર્ડ: સૌથી ઝડપથી સંપૂર્ણ સબ્સ્ક્રાઇબ થનાર મેગા IPO

પહેલાં જ દિવસે ખુલ્યાના 100 મિનિટથી ઓછા સમયમાં આ ઇશ્યૂ સંપૂર્ણપણે સબ્સ્ક્રાઇબ થઈ ગયો હતો. આ પહેલાં 15,000 કરોડથી વધુના ભારતીય IPOને સંપૂર્ણપણે ભરવામાં સામાન્ય રીતે 2થી 3 દિવસનો સમય લાગતો હતો.

છઠ્ઠો રેકોર્ડ: બિડિંગના કલાકો વધારનાર પ્રથમ IPO

ભારે એપ્લિકેશન વોલ્યુમને સંભાળવા માટે BSE અને NSEએ આ IPO માટે દરરોજના બિડિંગના સમયમાં વધારો કર્યો. સામાન્ય રીતે સવારે 10 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ચાલતી બિડિંગ વિન્ડોને આ ઇશ્યૂ માટે સવારે 9 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી ચલાવવામાં આવી.

સાતમો રેકોર્ડ: નવી લિસ્ટેડ કંપની માટે સૌથી વધુ પ્રારંભિક માર્કેટ વેલ્યુએશન

1,119 પ્રતિ શેરના અપર પ્રાઇસ બેન્ડ પર, જિયો પ્લેટફોર્મ્સનું પોસ્ટ-લિસ્ટિંગ માર્કેટ કેપિટલાઇઝેશન આશરે 10.3 લાખ કરોડ રહેવાનો અંદાજ છે. ટ્રેડિંગના પહેલા જ દિવસે તે ભારતની ટોચની 4 અથવા 5 સૌથી મૂલ્યવાન લિસ્ટેડ કંપનીઓમાં સામેલ થઈ જશે.

ત્રણ દિવસમાં આ IPO કુલ 22.19 ગણો સબ્સ્ક્રાઇબ થયો

NSE મુજબ, ત્રણ દિવસમાં આ IPO કુલ 22.19 ગણો સબ્સ્ક્રાઇબ થયો. રોકાણકારોએ ઓફર માટે રાખવામાં આવેલા 19.75 કરોડ શેરની સરખામણીએ 438 કરોડથી વધુ શેરો માટે બોલીઓ લગાવી.

સંસ્થાકીય રોકાણકારો તરફથી સૌથી વધુ માગ

ક્વાલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIBs) એટલે કે મોટા રોકાણકારોએ આ IPOમાં સૌથી વધુ રસ દાખવ્યો. તેમનો અનામત હિસ્સો 70.55 ગણો સબ્સ્ક્રાઇબ થયો, જેમાં 4.9 કરોડ અનામત શેરોની સામે 345.75 કરોડથી વધુ શેરો માટે બિડ મળી.

નોન-ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્વેસ્ટર્સ (NIIs)નો હિસ્સો 14 ગણો ભરાયો, જ્યાં 3.64 કરોડ શેરોની સામે 51.03 કરોડ શેરો માટે બિડ લગાવવામાં આવી. રિટેલ ઇન્ડિવિજ્યુઅલ ઇન્વેસ્ટર્સ (RII) કેટેગરીમાં 8.5 કરોડ અનામત શેરોની સામે 23.11 કરોડ શેરો માટે બિડ મળી, જેના કારણે આ હિસ્સો 2.72 ગણો સબ્સ્ક્રાઇબ થયો.

ફ્રેશ ઇશ્યૂ અને ઓફર ફોર સેલ શું હોય છે?

ફ્રેશ ઇશ્યૂ: તેમાં કંપની નવા શેરો જાહેર કરીને બજારમાંથી ભંડોળ ઊભું કરે છે અને આ નાણાં સીધા કંપનીના વ્યવસાયના વિસ્તરણમાં ઉપયોગમાં લેવાય છે.

ઓફર ફોર સેલ (OFS): તેમાં કંપનીના હાલના પ્રમોટર્સ અથવા રોકાણકારો પોતાના હિસ્સાના શેરો વેચીને બહાર નીકળી જાય છે અથવા નફો વસૂલ કરે છે. આ નાણાં કંપનીને મળતાં નથી.

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો : ચાંદી ₹16,503 ઘટીને ₹1.94 લાખ કિલો થઈ, 10 ગ્રામ સોનું ₹4,796 સસ્તું થઈને ₹1.42 લાખ થયું

નવી દિલ્હી, તા.24

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 4,796 રૂપિયા ઘટીને 1.42 લાખ રૂપિયા થયો છે. આ પહેલાં ગયા અઠવાડિયે એટલે કે 17 ઓક્ટોબરે તે 1.46 લાખ રૂપિયા હતો. બીજી તરફ, ચાંદી 2.11 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 1.94 લાખ રૂપિયા પર આવી ગઈ છે, તેની કિંમતમાં 16,503 રૂપિયાનો ઘટાડો થયો છે.



સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ

આ પહેલાં ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ હતી. 31 ઓગસ્ટે સોનું 1.56 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે 30 સપ્ટેમ્બરે ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. એ જ રીતે, 1 કિલો ચાંદીની કિંમત 2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ.

શું આ ઘટાડો લાંબો સમય ચાલશે?

નિષ્ણાતોનું માનવું છે કે હાલ સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહી શકે છે:

અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પહેલીવાર વ્યાજદરો વધારી છે. જેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે.

જોકે અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે. રોકાણકારો ફરીથી સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે. રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો જોવા મળી રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા સમયે ખરીદીની તક પણ ઊભી થઈ શકે છે.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નું હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે AZ4524 જેવો હોઈ શકે છે. હોલમાર્કિંગથી સોનું કેટલા કેરેટનું છે તે જાણી શકાય છે.

કિંમતની ક્રોસ-ચકાસણી કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત અનેક સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઇટ) પરથી ક્રોસ-ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

અસલી ચાંદીની ઓળખ કરવાની 4 રીતો

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકથી ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં કોઈ ગંધ હોતી નથી. નકલી ચાંદીમાંથી તાંબા જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કાપડથી ઘસો. જો કાળો ડાઘ પડે તો તે અસલી છે.

સેવિંગ ખાતા પર મળવા લાગશે 3 ગણું વ્યાજ! : બસ બેંકમાં જઈને કહી દો આ વાત, દરેક ગ્રાહકને મળે છે એક ખાસ સર્વિસ

મુંબઈ, તા.24

જો તમે બેંકમાં સેવિંગ એકાઉન્ટ ખોલાવો છો, તો બેંક કર્મચારી તમને બચત ખાતા પર મળતા વ્યાજ સહિત ATM, ડેબિટ કાર્ડ સંબંધિત તમામ માહિતી પણ આપે છે. સામાન્ય રીતે ખાતામાં જમા રકમ પર ખૂબ ઓછું વ્યાજ મળે છે, પરંતુ એક ખાસ સર્વિસ છે, જે ખાતું ખોલાવનાર દરેક ગ્રાહકને મળે છે, પરંતુ તેમને તેના વિશે ઓછી જાણ હોય છે અથવા તો જાણ જ હોતી નથી.

આ છે બેંક ઓટો સ્વીપ સર્વિસ, જે તમારા ખાતામાં જમા રકમ પર મળતા વ્યાજને ત્રણ ગણું વધારી શકે છે અને બેંક FDની જેમ વધુ વ્યાજ મળી શકે છે. આ માટે તમારે વધુ કંઈ કરવાનું નથી, ફક્ત બેંકમાં જઈને આ સુવિધાને સક્ષમ કરવા માટે કહેવાનું છે. ચાલો સમજીએ કે આ કેવી રીતે કામ કરે છે?

શું છે ઓટો સ્વીપ સર્વિસ?

બેંક ઓટો સ્વીપ સર્વિસ એક એવી સુવિધા છે, જે ગ્રાહકોને સરપ્લસ ફંડ પર વધુ વ્યાજ મેળવવામાં મદદરૂપ થાય છે. તમારા ખાતામાં તેને એનેબલ કરાવ્યા પછી, તમારા સેવિંગ એકાઉન્ટમાં જમા રકમ એક નિશ્ચિત મર્યાદાથી વધુ હોય અથવા સરપ્લસ ફંડ હોય તેવી સ્થિતિમાં આપમેળે ફિક્સ્ડ ડિપોઝિટ એટલે કે FD માં ટ્રાન્સફર કરી દેવામાં આવે છે અને તે પૈસા પર વ્યાજ પણ બેંક FD વ્યાજ દર મુજબ જ મળવા લાગે છે.



ઓટો સ્વીપથી કેવી રીતે ફાયદો થાય છે?

દરેક બેંક દ્વારા ખોલવામાં આવેલા ખાતાઓ પર આ વધુ વ્યાજ અપાવતી ઓટો સ્વીપ સર્વિસ આપવામાં આવે છે. સરળ ભાષામાં સમજીએ તો, જો તમે તમારી બેંકમાં જઈને એકાઉન્ટ પર ઓટો સ્વીપ સર્વિસ એનેબલ કરાવી છે, તો તમારા સેવિંગ અથવા કરંટ એકાઉન્ટમાં જમા રકમ પર એક સ્વીપ લિમિટ સેટ કરી દેવામાં આવે છે. જેવી તમારી બેંક ડિપોઝિટ આ લિમિટથી ઉપર જાય છે, તો ઓટો સ્વીપ સર્વિસ આપમેળે એક્ટિવ થઈ જાય છે અને જે પણ પૈસા લિમિટથી ઉપર હોય છે, તે બેંક FD માં જતા રહે છે અને વધુ વ્યાજ મળવા લાગે છે.

તેને એક ઉદાહરણ દ્વારા સરળ ભાષામાં સમજીએ તો, જો તમારા સેવિંગ એકાઉન્ટમાં 30,000 રૂપિયાની ઓટો સ્વીપ લિમિટ સેટ કરવામાં આવી છે અને ખાતામાં તમે 1,00,000 રૂપિયા ડિપોઝિટ કર્યા છે. તો પછી ઓટો સ્વીપ સર્વિસ હેઠળ લિમિટથી ઉપરની 70,000 રૂપિયાની વધારાની રકમ FD માં કન્વર્ટ થઈ જશે અને આ રકમ પર તે બેંકમાં ફિક્સ્ડ ડિપોઝિટ પર મળી રહેલા વ્યાજના હિસાબે વ્યાજ આપવામાં આવશે. જ્યારે 30,000 રૂપિયા પર સેવિંગ એકાઉન્ટ પર નક્કી વ્યાજ મળતું રહેશે.

FDમાં રકમ ટ્રાન્સફર કરવાની ઝંઝટમાંથી છુટકારો

બેંક ઓટો સ્વીપ સર્વિસમાં બેંક FD ની જેમ વ્યાજનો ફાયદો મળવાથી ગ્રાહકો વધુને વધુ સેવિંગ કરવા માટે પ્રેરિત થાય છે. તેનાથી લોકોની નિયમિત સેવિંગમાં પણ વધારો થતો જાય છે. આ ઉપરાંત આ સુવિધા દ્વારા તમે તમારા ખર્ચાઓને પણ ટ્રેક કરી શકો છો અને બજેટ પણ સેટ કરી શકો છો. ઓટો સ્વીપ સર્વિસમાં તમને મેન્યુઅલી FD માં રકમ ટ્રાન્સફર કરવાની ઝંઝટમાંથી છુટકારો મળી જાય છે, કારણ કે આ એક ઓટોમેટિક પ્રોસેસ છે.

સેવિંગ ખાતા પર ત્રણ ગણા વ્યાજનો લાભ

સામાન્ય રીતે જોઈએ તો, બેંક ખાતામાં બચત પર મોટાભાગની બેંકો સરેરાશ 2.5 ટકાની આસપાસ વ્યાજ આપે છે. અલગ-અલગ બેંકોમાં આ વ્યાજ દર અલગ-અલગ હોઈ શકે છે. જ્યારે બેંક FD વ્યાજ દર જોઈએ તો, મોટાભાગની બેંકોમાં સામાન્ય ગ્રાહકો માટે વ્યાજ દર સરેરાશ 6.5 થી 7 ટકા સુધી હોય છે.

રોટરી ડિસ્ટ્રીક્ટ 3055 દ્વારા આયોજીત શાબાશિયાં એવોર્ડ્સ ફંક્શનમાં રોટરી ક્લબ આદર્શ અમદાવાદ ને 18 પ્રતિષ્ઠિત એવોર્ડ્સ એનાયત

અમદાવાદ તા.24

તાજેતરમાં રોટરી ડિસ્ટ્રિક્ટ 3055ના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર રો. નિગમ ચૌધરી દ્વારા રાજસ્થાનના આબુ રોડ સ્થિત હોટેલ અમરતારા ખાતે આયોજિત ડિસ્ટ્રિક્ટ ગવર્નર ગ્રેટિટ્યુડ એન્ડ એવોર્ડ્સ સમારોહ 'શાબાશિયાં'માં રોટરી ક્લબ આદર્શ અમદાવાદે શાનદાર સિદ્ધિ હાંસલ કરતાં વિવિધ શ્રેણીઓમાં 18 પ્રતિષ્ઠિત એવોર્ડ્સ પોતાના નામે કર્યા.



ક્લબને વર્ષ 2025-26 દરમિયાન હાથ ધરાયેલા અનુકરણીય સમાજસેવા કાર્યો, અર્થપૂર્ણ 'અતુલ્ય' પ્રોજેક્ટ્સ, સર્જનાત્મક ક્લબ પ્રવૃત્તિઓ અને રોટરીના મૂલ્યોને અનુરૂપ સેવાકીય કામગીરી બદલ આ સન્માનો એનાયત કરવામાં આવ્યા.

આ પ્રસંગે ક્લબના વર્ષ 2025-26ના પ્રમુખ રો. રચના દવેને 30થી ઓછી સભ્ય સંખ્યા ધરાવતા ક્લબોની શ્રેણીમાં 'શ્રેષ્ઠ પ્રમુખ' તરીકે સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો. આ સન્માન તેમના દ્રષ્ટિવંત નેતૃત્વ, સમર્પણ અને સમગ્ર વર્ષ દરમિયાન કરેલી ઉત્કૃષ્ટ કામગીરીની નોંધરૂપ છે.

આ તમામ એવોર્ડ્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર રો. નિગમ ચૌધરી તથા ફર્સ્ટ લેડી શ્રીમતી રો. પ્રજ્ઞા ચૌધરીના હસ્તે ક્લબના પ્રમુખ રો. રચના દવે અને ક્લબ સેક્રેટરી રો. સુભોજિત સેન (વર્ષ 2025-26)એ સ્વીકાર્યા. આ પ્રસંગે ક્લબના અધિકારીઓ રો. મનન શાહ અને રો. અભિષેક દવે પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે ક્લબના હોદ્દેદારોએ જણાવ્યું કે આ તમામ સન્માન માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ રોટરી ક્લબ આદર્શ અમદાવાદના દરેક સભ્યના સમર્પણ, મહેનત, ટીમવર્ક અને સેવાભાવનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે.

આ એવોર્ડ્સ એ વાતનો જીવંત પુરાવો છે કે વર્ષ 2025-26 દરમિયાન *'અતુલ્ય' વર્ષની સમગ્ર કામગીરી રોટરીના આદર્શો, નૈતિક મૂલ્યો અને 'સર્વિસ અબવ સેલ્ફ' (સ્વથી ઉપર સેવા)*ના મંત્રને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન ક્લબે આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, પર્યાવરણ સંરક્ષણ, સમાજ વિકાસ અને માનવતાવાદી સેવાઓ સહિતના અનેક પ્રભાવશાળી પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક અમલમાં મૂક્યા, જેના કારણે હજારો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું.

આ સન્માન પ્રાપ્ત કર્યા બાદ પ્રમુખ રો. રચના દવેએ જણાવ્યું, 'આ તમામ એવોર્ડ્સ અમારા ક્લબના દરેક સભ્યને સમર્પિત છે. સૌના સહકાર, સેવાભાવ અને નિષ્ઠાના કારણે જ અમે આ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છીએ. આ સન્માન અમને ભવિષ્યમાં પણ સમાજ માટે વધુ અસરકારક અને અર્થપૂર્ણ સેવા કરવા પ્રેરણા આપશે.'

ક્લબ સેક્રેટરી રો. સુભોજિત સેનએ જણાવ્યું, 'અમારા વર્ષ દરમિયાન હાથ ધરાયેલા દરેક પ્રોજેક્ટમાં રોટરીની સાચી ભાવના ઝળકી હતી. આ સન્માનો એ સાબિત કરે છે કે નિઃસ્વાર્થ સેવા, પારદર્શક નેતૃત્વ અને ટીમવર્ક હંમેશા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવે છે. અમે આ સિદ્ધિ દરેક સભ્ય, સ્વયંસેવક, પ્રોજેક્ટ ભાગીદાર અને શુભેચ્છકોને સમર્પિત કરીએ છીએ.'

આ ભવ્ય સિદ્ધિ સાથે રોટરી ક્લબ આદર્શ અમદાવાદે ફરી એકવાર રોટરી ડિસ્ટ્રિક્ટ 3055માં સેવા, નેતૃત્વ અને સામાજિક પ્રતિબદ્ધતાના ક્ષેત્રે પોતાનું આગવું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે. ક્લબ સતત રોટરીના ફેલોશિપ, ઈન્ટિગ્રિટી, વિવિધતા અને નિઃસ્વાર્થ સેવા જેવા મૂલ્યોને જીવંત રાખી સમાજમાં 'સ્થાયી અને સકારાત્મક અસર' સર્જવા માટે કાર્યરત છે.

ટાટા ટ્રસ્ટ્સના સમર્થનમાં 6 પારસી ગ્રુપ ઉતર્યા : PMને પત્ર લખીને કહ્યું- 66% હિસ્સેદારીવાળું મોડલ દેશહિતમાં જરૂરી

નવી દિલ્હી, તા.24

ટાટા સન્સને શેરબજારમાં લિસ્ટ (IPO) કરવા અને તેના મેનેજમેન્ટને લઈને વિવાદ વધી ગયો છે. દેશ-વિદેશના 6 મોટા પારસી સંગઠનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને ટાટા ટ્રસ્ટ્સનું સમર્થન કર્યું છે. સંગઠનોએ પીએમને અપીલ કરી છે કે ટાટા ગ્રુપના વર્ષો જૂના માલિકી હક અને કામકાજની પદ્ધતિને બચાવવામાં આવે, જેથી તેની સમાજસેવા અને પરોપકારની પરંપરા ચાલુ રહે. સંગઠનોનું કહેવું છે કે તેને માત્ર બે શેરધારકોની લડાઈ ન માનવી જોઈએ, કારણ કે તેની સીધી અસર દેશના સૌથી મોટા અને વિશ્વસનીય બિઝનેસ ગ્રુપના ભવિષ્ય પર પડશે. ટાટા સન્સને શેરબજારમાં લિસ્ટ (IPO) કરવા અને તેના મેનેજમેન્ટને લઈને વિવાદ વધી ગયો છે. દેશ-વિદેશના 6 મોટા પારસી સંગઠનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને ટાટા ટ્રસ્ટ્સનું સમર્થન કર્યું છે. સંગઠનોએ પીએમને અપીલ કરી છે કે ટાટા ગ્રુપના વર્ષો જૂના માલિકી હક અને કામકાજની



પદ્ધતિને બચાવવામાં આવે, જેથી તેની સમાજસેવા અને પરોપકારની પરંપરા ચાલુ રહે. સંગઠનોનું કહેવું છે કે તેને માત્ર બે શેરધારકોની લડાઈ ન માનવી જોઈએ, કારણ કે તેની સીધી અસર દેશના સૌથી મોટા અને વિશ્વસનીય બિઝનેસ ગ્રુપના ભવિષ્ય પર પડશે.

શેરબજારમાં લિસ્ટિંગનું નુકસાન

પારસી સંગઠનોનું કહેવું છે કે ટાટા સન્સને શેરબજારમાં લિસ્ટ કરવું માત્ર નિયમોનો મામલો નથી. જો તે બજારમાં આવે છે, તો કંપની પર દર 3 મહિને નફો દર્શાવવાનો અને શેરની કિંમત વધારવાનો દબાણ રહેશે. પારસી સંગઠનોનું કહેવું છે કે ટાટા સન્સને શેરબજારમાં લિસ્ટ કરવું માત્ર નિયમોનો મામલો નથી. જો તે બજારમાં આવે છે, તો કંપની પર દર 3 મહિને નફો દર્શાવવાનો અને શેરની કિંમત વધારવાનો દબાણ રહેશે.

આનાથી ટાટાનો વર્ષોથી ચાલ્યો આવતો વિશ્વાસ અને કામ કરવાની રીત નબળી પડી શકે છે, જેના કારણે તેઓ ભવિષ્યના મોટા પ્રોજેક્ટ્સ અને સમાજસેવાથી ભટકી શકે છે.

ટાટા સન્સમાં 66% હિસ્સેદારી ચેરિટેબલ ટ્રસ્ટ્સની

ટાટા ગ્રુપની મુખ્ય કંપની 'ટાટા સન્સ'માં 66% હિસ્સેદારી ટાટાના ચેરિટેબલ ટ્રસ્ટ્સ પાસે છે. આ કારણે કંપનીઓમાંથી થતી કમાણીનો મોટો હિસ્સો સીધો સમાજસેવા, હોસ્પિટલો, શિક્ષણ અને સંશોધનમાં ખર્ચાય છે.

પારસી સંગઠનોનું કહેવું છે કે આ વિશિષ્ટ મોડલને કારણે ટાટા કોઈપણ દબાણ વિના દેશના મોટા અને લાંબા ગાળાના પ્રોજેક્ટ્સમાં નાણાંનું રોકાણ કરી શકે છે.

દેશના વિકાસમાં ટાટાનું યોગદાન

પારસી સંગઠનોનું કહેવું છે કે ટાટાએ માત્ર કંપનીઓ જ બનાવી નથી, પરંતુ દેશને ટાટા મેમોરિયલ કેન્સર હોસ્પિટલ અને દેશની મોટી સંશોધન સંસ્થાઓ જેવી કે- IISc અને TIFR પણ આપી છે.

આજે પણ ટાટા ગ્રુપ દેશના મોટા અને નવા પ્રોજેક્ટ્સ- જેમ કે સેમિકન્ડક્ટર, ડિફેન્સ, ઈલેક્ટ્રિક વાહનો અને સ્વચ્છ ઊર્જા-માં ભારે રોકાણ કરી રહ્યું છે. પારસી સંગઠનોનું કહેવું છે કે ટાટાએ માત્ર કંપનીઓ જ બનાવી નથી, પરંતુ દેશને ટાટા મેમોરિયલ કેન્સર હોસ્પિટલ અને દેશની મોટી સંશોધન સંસ્થાઓ જેવી કે- IISc અને TIFR પણ આપી છે. આજે પણ ટાટા ગ્રુપ દેશના મોટા અને નવા પ્રોજેક્ટ્સ- જેમ કે સેમિકન્ડક્ટર, ડિફેન્સ, ઈલેક્ટ્રિક વાહનો અને સ્વચ્છ ઊર્જા-માં ભારે રોકાણ કરી રહ્યું છે.

સંગઠનોના મતે, ભારતને 2047 સુધી વિકસિત દેશ બનાવવા માટે ટાટાની આ સેવાભાવના અને કામ કરવાની રીતને જાળવી રાખવી ખૂબ જ જરૂરી છે.

ટોપ-10 માંથી 9-કંપનીઓનું માર્કેટ-કેપ ₹2.51 લાખ કરોડ વધ્યું : બજાજ ફાઇનાન્સમાં સૌથી વધુ તેજી, ફક્ત HULને નુકસાન

નવી દિલ્હી, તા.24

ગયા અઠવાડિયે ભારતીય શેરબજારની શાનદાર રિકવરીને કારણે દેશની ટોચની 10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 9ના માર્કેટ કેપિટલાઇઝેશન (માર્કેટ કેપ)માં કુલ 2,50,961.42 કરોડ રૂપિયા (લગભગ 2.51 લાખ કરોડ રૂપિયા)નો જબરદસ્ત વધારો નોંધાયો. ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ, સુધરેલા વૈશ્વિક સેન્ટિમેન્ટ અને પ્રથમ ક્વાર્ટર (Q1 FY27)ના મજબૂત પરિણામોને કારણે રોકાણકારોના વિશ્વાસને મજબૂતી મળી છે.

બજારની આ તેજીમાં બજાજ ફાઇનાન્સ સૌથી મોટો ગેનર બનીને ઉભરી આવ્યું, જેના માર્કેટ કેપમાં એકલા 80,000 કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો. જ્યારે બીજી તરફ, ટોચની 10ની યાદીમાં હિન્દુસ્તાન યુનિલિવર (HUL) એકમાત્ર એવી કંપની રહી જેના વેલ્યુએશનમાં ઘટાડો નોંધાયો.

1. બજાજ ફાઇનાન્સ ટોપ ગેનર રહ્યું: માર્કેટ કેપમાં 80,345 કરોડનો ઉછાળો

અગ્રણી ફાઇનાન્સિયલ સર્વિસિસ કંપની બજાજ ફાઇનાન્સ ટોચની 10 કંપનીઓમાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી કંપની રહી. ગયા અઠવાડિયે કંપનીનું માર્કેટ કેપ 80,345.97 કરોડ રૂપિયા વધીને 7,10,817.51 કરોડ રૂપિયા પર પહોંચી ગયું.



નાણાકીય વર્ષ 2026-27 ના પ્રથમ ક્વાર્ટર (જૂન ક્વાર્ટર) માં કંપનીના એકીકૃત ચોખ્ખા નફા (Consolidated PAT) માં વાર્ષિક ધોરણે 28% નો વધારો નોંધાયો. ત્રિમાસિક પરિણામોની આ જાહેરાત પછી શુક્રવારે કંપનીના શેર 8% થી વધુના ઉછાળા સાથે બંધ થયા.

2. ભારતી એરટેલ, TCS અને રિલાયન્સમાં પણ જોરદાર ખરીદી

વેલ્યુએશનમાં વધારાના મામલે ભારતી એરટેલ બીજા સ્થાને રહી. ભારતી એરટેલનું માર્કેટ કેપ 44,959.50 કરોડ રૂપિયા વધીને 12,30,005.63 કરોડ રૂપિયા થયું. જ્યારે, IT ક્ષેત્રની દિગ્ગજ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) નું માર્કેટ કેપ 40,414.03 કરોડ રૂપિયા વધીને 8,55,894.78 કરોડ રૂપિયા નોંધાયું. દેશની સૌથી વેલ્યુએબલ કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે પણ તેના માર્કેટ કેપમાં 39,447.35 કરોડ રૂપિયા ઉમેર્યા, જેનાથી તેનું કુલ વેલ્યુએશન 17,69,108.79 કરોડ રૂપિયા પર પહોંચી ગયું.

3. L&T, SBI, HDFC બેંક અને LICના વેલ્યુએશનમાં સુધારો

અન્ય મુખ્ય કંપનીઓના પ્રદર્શન પર નજર કરીએ તો:

લાર્સન એન્ડ ટુબ્રો (L&T): માર્કેટ કેપ 21,096.80 કરોડ રૂપિયા વધીને 5,41,844.69 કરોડ રૂપિયા પહોંચ્યો.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI): વેલ્યુએશન 10,845.97 કરોડ રૂપિયા વધીને 9,47,799.81 કરોડ રૂપિયા રહ્યું.

એચડીએફસી બેંક (HDFC Bank): વેલ્યુએશનમાં 8,164.73 કરોડ રૂપિયાનો વધારો થયો અને તે 11,52,150.63 કરોડ રૂપિયા પર બંધ થયું.

લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન (LIC): માર્કેટ કેપમાં 4,427.49 કરોડ રૂપિયાનો વધારો નોંધાયો. આઈસીઆઈસીઆઈ બેંક (ICICI Bank): કંપનીના માર્કેટ કેપમાં 1,660.37 કરોડ રૂપિયાનો વધારો થયો.

4. હિન્દુસ્તાન યુનિલિવરને નુકસાન: 10,326 કરોડ ઘટ્યું માર્કેટ કેપ

અઠવાડિયા દરમિયાન ટોપ 10 કંપનીઓમાં હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (HUL) એકમાત્ર એવી કંપની રહી, જેના માર્કેટ કેપમાં ઘટાડો થયો. કંપનીનું માર્કેટ કેપિટલાઇઝેશન 10,326.46 કરોડ રૂપિયા ઘટીને 4,93,602.13 કરોડ રૂપિયા રહ્યું.

ગુજરાત ભાજપનું 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન

SIR મુદ્દે વિપક્ષના પ્રચાર સામે ભાજપ મેદાનમાં ઉતરશે, 25 ઓક્ટોબરથી 4 મહાનગરોમાં પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.24

ગુજરાત ભાજપ દ્વારા SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) મુદ્દે કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા કરવામાં આવતા આક્ષેપોનો જવાબ આપવા તથા ચૂંટણીપંચ સહિતની સંવૈધાનિક સંસ્થાઓ પ્રત્યે જનવિશ્વાસ મજબૂત કરવાના ઉદ્દેશથી 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન શરૂ કરવામાં આવશે. 25 ઓક્ટોબરથી શરૂ થનારા આ અભિયાન અંતર્ગત રાજ્યનાં વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાં પદયાત્રા, પત્રકાર પરિષદ, યુવા સંવાદ સહિતના કાર્યક્રમો યોજાશે.

ભાજપના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલે શનિવારે ગાંધીનગરના કોબા સ્થિત પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે પત્રકાર પરિષદ યોજીને આ જાહેરાત કરી હતી.

રાહુલ ગાંધી પર ભાજપના પ્રહાર

ડૉ. અનિલ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર સુશાસન, વિકાસ અને જનકલ્યાણના માર્ગે આગળ વધી રહી છે, ત્યારે કોંગ્રેસ અને વિપક્ષ રાજકીય હતાશાને કારણે અરાજકતાભર્યું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. ચૂંટણીપંચ જેવી સંવૈધાનિક સંસ્થાઓની વિશ્વસનીયતા સામે સવાલો ઊભા કરીને ખોટી અને ભ્રામક માહિતી દ્વારા લોકોમાં અવિશ્વાસ ફેલાવવાની રાજનીતિ લોકતંત્ર માટે ચિંતાજનક હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં ડૉ. પટેલે કહ્યું કે, તેઓ 'લીડર ઓફ ઓપોઝિશન' નહીં, પરંતુ 'લાયર ઓપોઝિશન' તરીકે વર્તી રહ્યા છે. તેમના મતે, જનાદેશનો સ્વીકાર કરીને રચનાત્મક વિપક્ષની ભૂમિકા ભજવવાને બદલે કોંગ્રેસ સતત આક્ષેપો અને ભ્રામક પ્રચાર દ્વારા સંસ્થાઓ સામે અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરી રહી છે. ઘૂસણખોરી જેવા ગંભીર મુદ્દાઓ પર પણ કોંગ્રેસનું વલણ રાષ્ટ્રહિત કરતાં રાજકીય સ્વાર્થને પ્રાધાન્ય આપતું હોવાનું તેમણે આક્ષેપ કર્યો હતો.

25 ઓક્ટોબરે સુરતથી અભિયાનનો પ્રારંભ

ભાજપના જણાવ્યા અનુસાર, અભિયાન અંતર્ગત રવિવાર, 25 ઓક્ટોબરે સાંજે 5 વાગ્યે સુરતના અડાજણ ખાતે પદયાત્રા યોજાશે. તેમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ વિશેષ ઉપસ્થિત રહેશે. પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ પણ કાર્યક્રમમાં જોડાશે.



આગામી કાર્યક્રમોનું આયોજન નીચે મુજબ કરવામાં આવ્યું છે

25 ઓક્ટોબર, સુરત: અડાજણ ખાતે સાંજે 5 વાગ્યે પદયાત્રા.

27 ઓક્ટોબર, અમદાવાદ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાશે. પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ પણ ઉપસ્થિત રહેશે.

27 ઓક્ટોબર, રાજકોટ: પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, પ્રદેશ સહપ્રભારી અજય મહાવર, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે.

28 ઓક્ટોબર, વડોદરા: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાશે. પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ પણ હાજર રહેશે.

આ પદયાત્રાઓમાં રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ, કાર્યકરો, વિવિધ સમાજના આગેવાનો, વેપારી સંગઠનોના પ્રતિનિધિઓ, મહિલાઓ, એનજીઓના પ્રતિનિધિઓ અને પ્રબુદ્ધ નાગરિકો જોડાશે. ભાજપના જણાવ્યા અનુસાર, તબક્કાવાર રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરોમાં પણ પદયાત્રાઓ યોજવામાં આવશે.

SIR મુદ્દે જિલ્લા સ્તરે પત્રકાર પરિષદ યોજાશે

'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો' અભિયાન હેઠળ રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરોમાં પત્રકાર પરિષદો યોજીને SIR મુદ્દે વિપક્ષ દ્વારા કરવામાં આવતા આક્ષેપો સામે ભાજપ પોતાનો પક્ષ અને તથ્યો રજૂ કરશે.

આ ઉપરાંત પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ, યુવાનો સાથે 'લોકતંત્ર વર્સસ ભીડતંત્ર' વિષય પર ચર્ચા, વિદ્યાર્થીઓ માટે લોકશાહીની મજબૂતીને લગતી સ્પર્ધાઓ અને પ્રભાવશાળી નાગરિકો તથા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે જનસંપર્કના કાર્યક્રમો પણ યોજાશે.

કટોકટી અને કલમ 356ના મુદ્દે યુવા સંવાદ

ભાજપ દ્વારા યોજાનારા યુવા સંવાદમાં દેશના લોકતાંત્રિક ઈતિહાસ, સંવૈધાનિક સંસ્થાઓની ભૂમિકા, કોંગ્રેસના શાસન દરમિયાન વિવિધ રાજ્યોમાં કલમ 356ના ઉપયોગ અને રાષ્ટ્રપતિ શાસનના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત કટોકટીના સમયગાળા દરમિયાન પ્રેસ અને મીડિયાની સ્વતંત્રતા પર મૂકવામાં આવેલા નિયંત્રણો અંગે પણ યુવાનોને માહિતગાર કરવામાં આવશે.

ભાજપના જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમો દ્વારા લોકશાહીનું રક્ષણ, સંવૈધાનિક સંસ્થાઓની સ્વાયત્તતા અને રાષ્ટ્રહિતના મુદ્દાઓ અંગે નાગરિકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

આદિવાસી સમાજની નારાજગી દૂર કરવા સરકાર એક્ટિવ : સાથણી જમીનના દબાણ, ફાળવણી અને કબજા મુદ્દે નવી SOP લાવવાની તૈયારી

ગાંધીનગર, તા.24

ગુજરાતમાં આદિવાસી સમાજની જમીન સંબંધિત સમસ્યાઓના ઉકેલ માટે રાજ્ય સરકાર મોટો નિર્ણય લઈ શકે છે. આ દિશામાં વિસ્તારોમાં જમીનના પ્રશ્નો, સાથણી જમીનની ફાળવણી, જમીન પરના દબાણો અને કબજા સહિતના મુદ્દાઓને લઈને સરકાર નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) તૈયાર કરવાની દિશામાં આગળ વધી રહી હોવાની ચર્ચા છે. મહેસૂલ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ સંયુક્ત રીતે નવી SOP તૈયાર કરી શકે છે.



સાથણી જમીનના પ્રશ્નો પર સરકારનું ધ્યાન

આદિવાસી વિસ્તારોમાં સાથણી જમીનની ફાળવણી, જમીનનો કબજો, દબાણો અને જમીન સંબંધિત વિવિધ વહીવટી પ્રશ્નો લાંબા સમયથી ચર્ચાનો વિષય રહ્યા છે. આ પ્રશ્નોના ઉકેલ માટે નવી SOP તૈયાર કરવામાં આવે તો જમીન સંબંધિત અરજીઓની પ્રક્રિયા, અધિકારીઓની જવાબદારી અને પ્રશ્નોના નિરાકરણ માટેની કાર્યવાહી અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા નક્કી થઈ શકે છે.

મહેસૂલ અને આદિજાતિ વિભાગ સંયુક્ત રીતે કરશે તૈયારી

જમીન સંબંધિત પ્રશ્નો મહેસૂલ વિભાગના કાર્યક્ષેત્ર સાથે જોડાયેલા હોવાથી અને આદિવાસી સમાજના હિતો આદિજાતિ વિકાસ વિભાગ સાથે સંકળાયેલા હોવાથી બંને વિભાગો સંયુક્ત રીતે SOP તૈયાર કરી શકે છે. નવી માર્ગદર્શિકા તૈયાર થાય તો જમીન સંબંધિત ફરિયાદોનું નિરાકરણ લાવવા, ફાળવણીની પ્રક્રિયામાં સ્પષ્ટતા લાવવા અને દબાણ તથા કબજા અંગેની કાર્યવાહી માટે એકસમાન પદ્ધતિ નક્કી કરવામાં મદદ મળી શકે છે.

ડૉ.કલ્પના સવાણીએ ટ્રેડિશનલ ડ્રેસમાં ICUમાં દર્દીની સારવાર કરતા વિવાદ : IMAના પ્રમુખે કહ્યું- BHMS ડોક્ટરને આ પ્રોસિજર કરવાની છૂટ નથી, પ્રોફેશનલ મિસકન્ડક્ટ છે

સુરતના ડૉ. કલ્પના સવાણી ટ્રેડિશનલ ડ્રેસમાં દર્દીની સારવાર કરવા હોસ્પિટલ પહોંચ્યા હતા

સુરત, તા.24

સુરતમાં નવરાત્રિ દરમિયાન ગરબા ગ્રાઉન્ડ છોડી રેપિડો પર હોસ્પિટલ પહોંચી ટ્રેડિશનલ ડ્રેસમાં ડૉ. કલ્પના સવાણી દ્વારા ICUમાં દર્દીની સારવાર કર્યાની ઘટના તબીબી જગતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. એક તરફ દર્દીનો જીવ બચાવવાના મુદ્દાને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ ઓપરેશન કરનાર ડોક્ટરની લાયકાત, હોમિયોપેથીક ડૉક્ટર દ્વારા એલોપેથિક સારવાર આપવાની કાયદાકીય મર્યાદા અને તબીબી પ્રોટોકોલના પાલન અંગે સવાલો ઊભા થયા છે. સોશિયલ મીડિયા પર દેશભરના ડોક્ટરો સવાલો ઉઠાવી રહ્યા છે.આ સમગ્ર મામલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ના પૂર્વ પ્રમુખ નવીન પટેલ, IMA પ્રમુખ ડૉ. દેવેન્દ્ર ગોસ્વામી અને ગુજરાત મેડિકલ કાઉન્સિલના પ્રમુખ ડૉ. નીતિન વોરા સાથે વાતચીત કરી હતી.



સુરતના ડૉ. કલ્પના સવાણી ટ્રેડિશનલ ડ્રેસમાં દર્દીની સારવાર કરવા હોસ્પિટલ પહોંચ્યા હતા.

IMAના પૂર્વ પ્રમુખ નવીન પટેલે આ ઘટનાના સંદર્ભમાં ડૉક્ટરની લાયકાત, સારવારની પદ્ધતિ અને તબીબી નિયમોના પાલન અંગેના મુદ્દાઓ પર ધ્યાન દોર્યું હોવાનું જણાવાયું છે. આ ઘટનામાં દર્દીનો જીવ બચ્યો હોય તે રાહતની બાબત છે, પરંતુ ઓપરેશન કરનાર ડૉક્ટરને તે પ્રકારની સારવાર કરવાની કાયદેસર સત્તા હતી કે નહીં અને જરૂરી તબીબી પ્રક્રિયાનું પાલન થયું હતું કે નહીં તેની ચકાસણી પણ એટલી જ જરૂરી છે.

'હોમિયોપેથીક ડૉક્ટર નિયમોની મર્યાદામાં જ સારવાર કરી શકે છે'

ગાંધીનગર IMAના પ્રમુખ ડૉ. દેવેન્દ્ર ગોસ્વામીએ જણાવ્યું હતું કે, હોમિયોપેથીક (BHMS) અથવા આયુર્વેદિક ડિગ્રી ધરાવતા ડૉક્ટરો પોતાની માન્ય લાયકાત અને લાગુ પડતા નિયમોની મર્યાદામાં જ સારવાર કરી શકે છે. જોકે, કોઈ વ્યક્તિની જિંદગી જોખમમાં હોય ત્યારે CPR જેવી પ્રાથમિક જીવનરક્ષક મદદ આપવી એ અલગ બાબત છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલના પ્રમુખ ડૉ. નીતિન વોરાએ આ મામલે જણાવ્યું કે, BHMS, CGO અને FCCS-USA જેવી લાયકાતો કઈ સંસ્થા દ્વારા આપવામાં આવી છે, તેમની માન્યતા શું છે અને તેના આધારે ભારતમાં કઈ પ્રકારની સારવાર કરવાની કાયદેસર સત્તા મળે છે તેની ખરાઈ કરવી જરૂરી છે. કોઈ વધારાનો કોર્સ કે પ્રમાણપત્ર હોવાના આધારે જ તબીબને દરેક પ્રકારની એલોપેથિક સારવાર અથવા સર્જરી કરવાની સત્તા મળી જાય.

ગુજરાતમાં વિદેશી રાજદ્વારીઓની મુલાકાત માટે MEAની મંજૂરી ફરજિયાત

અમદાવાદ, તા.24

વિદેશી રાજદ્વારી મિશનો અને રાજ્ય સરકારો વચ્ચેના સંપર્કો તથા બેઠકોને લઈને કેન્દ્ર સરકારના વિદેશ મંત્રાલય (MEA) દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાના અમલ માટે ગુજરાત સરકારે પરિપત્ર જાહેર કર્યો છે. આ માર્ગદર્શિકા અનુસાર, વિદેશી રાજદ્વારી પ્રતિનિધિઓની રાજ્યમાં મુલાકાત, મંત્રીઓ સાથેની બેઠક કે સૌજન્ય મુલાકાત માટે વિદેશ મંત્રાલયની સ્પષ્ટ મંજૂરી લેવી પડશે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા 23 ઓક્ટોબર, 2026ના રોજ આ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરિપત્રમાં જણાવ્યા મુજબ, ભારતમાં કાર્યરત વિદેશી મિશનો વિદેશ વેપાર, વિદેશી સહાય, પ્રોજેક્ટમાં સહયોગ અને નીતિવિષયક બાબતો સહિતના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર રાજ્ય સરકારો કે કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્ર સાથે સીધો સંપર્ક કરી શકશે નહીં. આવા તમામ સત્તાવાર વ્યવહારો વિદેશ મંત્રાલય મારફતે જ કરવાના રહેશે. વિદેશી રાજદ્વારી મિશનો સાથે નીતિ અથવા જાહેર હિતને લગતી બાબતોમાં સીધી બેઠક યોજવા, સૌજન્ય મુલાકાત ગોઠવવા અથવા રાજ્યના કોઈ સ્થળની મુલાકાત માટે પ્રતિનિધિઓને મંજૂરી આપવા પહેલાં વિદેશ મંત્રાલયની સ્પષ્ટ મંજૂરી મેળવવાની રહેશે.



કલોલના ઓળા ગામમાં યુવક પર લોખંડના પાઇપથી હુમલો : બાઇક અથડાવા બાબતે લોહીલુહાણ કરી દીધો, બે સામે ગુનો દાખલ

યુવક લોહી લુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડ્યો, બંનેએ ભેગા મળીને યુવકને માર માર્યો

કલોલ, તા.24

કલોલ તાલુકાના ઓળા ગામે બાઇક સામસામે આવી જવા જેવી બાબતે થયેલી તકરારમાં બે શખસોએ એક યુવક પર હુમલો કરી લોખંડની પાઇપ માથામાં ઝીંકી દેતાં યુવક લોહીલુહાણ થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક દર્શાવવામાં આવી રહી છે. આ મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બંનેની બાઇક સામસામે આવી જતાં ટક્કર થતાં રહી ગઈ

કલોલના ઓળા ગામમાં નાયકવાસ ખાતે રહેતા અને બાવળા સ્થિત ઈન્ટાસ ફાર્મા કંપનીમાં નોકરી કરતા દર્શનભાઈ રમેશભાઈ નાયક ગઈકાલે બપોરના પોતાના ઘરેથી બાઇક લઈને નીકળ્યા હતા. તેઓ ગામમાં આવેલા ચામુંડા માતાજીના મંદિર પાસેના વળાંકમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે સામેથી બસ સ્ટેન્ડ પાસે રહેતો મિતેષ ઉર્ફે મીત જુગાભાઈ પ્રજાપતિ પોતાની બાઇક લઈને નીકળ્યો હતો.

કેમ લોકોના જીવ લેવા નીકળ્યો છે કહી ગાળો બોલી

આ સમયે બંનેની બાઇક સામસામે આવી જતાં ટક્કર થતાં રહી ગઈ હતી. આ સામાન્ય બાબતે ઉશ્કેરાયેલા મિતેષે દર્શનભાઈનું બાઇક રોકાવી દીધું હતું અને તને બાઇક ચલાવતા આવડે છે કે કેમ લોકોના જીવ લેવા નીકળ્યો છે તેમ કહી ગાળો બોલી બોલાચાલી શરૂ કરી હતી.

બંનેએ ભેગા મળીને યુવકને માર માર્યો

જેના પગલે જોતજોતામાં મામલો વધુ બિચક્યો હતો અને મિતેષે દર્શનભાઈને માર મારવાનું શરૂ કરી દીધું હતું. આ દરમિયાન મિતેષનો પક્ષ લઈને ચામુંડા માતાના મંદિર પાસે રહેતો સુરેશ ગોકળદાસ પ્રજાપતિ પણ ત્યાં દોડી આવ્યો હતો. બંને જણાએ ભેગા મળીને દર્શનભાઈ સાથે ઉગ્ર તકરાર કરી ઢોર માર માર્યો હતો.

યુવક લોહી લુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડ્યો

આ તકરાર દરમિયાન મિતેષ ઉર્ફે મીતે બાજુમાં પડેલી એક લોખંડની પાઇપ ઉઠાવી દર્શનભાઈના માથાના ભાગે ઘા ઝીંકી દીધો હતો, જેના કારણે દર્શનભાઈ લોહી લુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડ્યા હતા. હુમલો કર્યા બાદ જતા-જતા મિતેષે હાથમાં લોખંડની પાઇપ બતાવીને ધમકી આપી હતી કે આજે તો તું બચી ગયો છે પણ હવે પછી બાઇક લઈને રસ્તામાં મળીશ તો જાનથી મારી નાખીશ.

મહાનગરપાલિકાની આકરી દંડાત્મક કાર્યવાહી

- શહેરમાં સ્વચ્છતાના નિયમો નેવે મૂકનારા વેપારીઓ - નાગરિકો પાસેથી 30 દિવસમાં 13.74 લાખનો દંડ વસૂલ્યો

ગાંધીનગર તા.24

ગાંધીનગર શહેરની સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી સામે બેદરકારી દાખવનારા તત્વો સામે પબ્લિક હેલ્થ બાયલોઝ હેઠળ આકરમક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે છેલ્લા 30 દિવસ દરમિયાન હાથ ધરાયેલી સઘન તપાસ ઝુંબેશમાં સ્વચ્છતાના નિયમોનો અનાદર કરનારા, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા અને કચરાનું યોગ્ય વર્ગીકરણ ન કરનારાઓ સામે લાલ આંખ કરીને તંત્ર દ્વારા રૂ. 13.74 લાખ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ કામગીરી દરમિયાન શહેરના મુખ્ય માર્ગો, કોમર્શિયલ કોમ્પલેક્ષ, શાકભાજી માર્કેટ અને રહેણાંક વિસ્તારોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌથી વધુ કાર્યવાહી જાહેરમાં કચરો ફેંકવા અને ગંદકી કરવા બદલ કરવામાં આવી છે. જાહેરમાં ગંદકી ફેલાવનારાઓ પાસેથી તંત્ર દ્વારા રૂ.5,70,250નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે. આ ઉપરાંત પર્યાવરણ માટે ગંભીર જોખમરૂપ એવા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, વેચાણ કે સંગ્રહ કરવા બદલ રૂ.5.34 લાખનો દંડ ફટકાર્યો છે. એટલું જ નહીં કચરાના યોગ્ય નિકાલ માટે અત્યંત જરૂરી એવા સ્ત્રોત પર જ કચરાનું વર્ગીકરણ ન કરનારા એકમો સામે પણ દંડાત્મક પગલાં ભરીને રૂ.1,87,750નો વહીવટી દંડ ફટકારવામાં આવ્યો છે.



ગુજરાત પોલીસની કચેરી-મકાનમાં મરામતના નામે થતા ભ્રષ્ટાચાર પર લગામ

હવેથી સામગ્રી ખરીદીના 3 ક્વોટેશન લેવાશે, ₹50 હજારથી વધુના કામની ખાસ વ્યવસ્થા; DGPએ જાહેર કરી નવી SOP

અમદાવાદ, તા.24

ગુજરાત પોલીસના રહેણાંક મકાનો અને કચેરીઓની મરામતના કામોમાં પારદર્શિતા લાવવા, વહીવટી વિલંબ ઘટાડવા અને ગેરરીતિની શક્યતાઓ પર અંકુશ મૂકવા રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે મહત્ત્વનો નિર્ણય લીધો છે. પોલીસ વિભાગના રહેણાંક અને બિન રહેણાક મકાનોમાં ચાલુ મરામત તથા ખાસ મરામતના કામો માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જાહેર કરવામાં આવી છે. નવી વ્યવસ્થા હેઠળ હવે મરામતનાં કામો માટે ત્રણ ક્વોટેશન મેળવવાને બદલે જરૂરી ચીજવસ્તુના ત્રણ ક્વોટેશન મેળવીને ગુણવત્તાયુક્ત સામગ્રી અગાઉથી ખરીદી સ્ટોકમાં રાખવામાં આવશે. પરિણામે નળ, લાઈટ, પંખા, વાયરિંગ અને પાઈપલાઈન જેવી સામાન્ય સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવી શકાશે.



4,789 કામો પાછળ 19 કરોડનો ખર્ચ

પોલીસ વિભાગમાં નવી SOP લાગુ કરવાનો નિર્ણય ગત નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન થયેલા મરામતનાં કામોની સમીક્ષા બાદ લેવામાં આવ્યો છે. સમીક્ષા દરમિયાન સામે આવ્યું હતું કે, ચાલુ મરામત ગ્રાન્ટ હેઠળ કુલ 4,789 કામ પાછળ આશરે 19 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેમાંથી 4,119 કામ પાછળ રૂ. 17.48 કરોડનો ખર્ચ માત્ર ત્રણ ક્વોટેશન મેળવીને કરવામાં આવ્યો હતો. એટલે કે, કુલ કામમાંથી આશરે 86 ટકા કામો આ પદ્ધતિથી થયાં હતાં. આ પ્રક્રિયામાં ક્વોટેશન મેળવવા અને મંજૂરીની કાર્યવાહી પૂર્ણ કરવામાં સમય લાગતો હતો. સાથે જ વહીવટી મુશ્કેલીઓ ઊભી થતી હતી અને ગેરરીતિના આક્ષેપો પણ થતા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મરામતની કામગીરી વધુ ઝડપી, પારદર્શક અને ગુણવત્તાયુક્ત બને તે માટે નવી પદ્ધતિ અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવી SOP મુજબ હવે સામાન્ય મરામતનાં કામ માટે ત્રણ ક્વોટેશન મંગાવવાની જૂની પદ્ધતિ બંધ કરીને જરૂરી સામગ્રી ખરીદવા ત્રણ ક્વોટેશન મેળવવામાં આવશે.

ભાજપના બક્ષીપંચ મોરચામાં સંગઠનાત્મક ફેરફાર : 25 હોદ્દેદારોની નિમણૂક, જાણો કોને કયા જિલ્લાની જવાબદારી મળી

- પંચમહાલમાં ઈલેન્દ્રભાઈ પંચાલ, મહીસાગરમાં જયેન્દ્રભાઈ બારોટ અને કર્ણાવતીમાં કલ્પેશભાઈ નાઢાંની જવાબદારી નક્કી કરવામાં આવી છે.

ગાંધીનગર, તા.24

ગુજરાત ભાજપના સંગઠનમાં ફરી એકવાર મહત્વપૂર્ણ નિમણૂકો કરવામાં આવી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને પ્રદેશના નેતાઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ પ્રદેશ બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની સંગઠનાત્મક નિમણૂક જાહેર કરવામાં આવી છે. પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ માનસિંહ પરમારે 24 ઓક્ટોબર, 2026ના રોજ આ નિમણૂકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરો માટે કુલ 25 હોદ્દેદારોને જવાબદારી સોંપવામાં આવી છે.

કયા જિલ્લાને કોની જવાબદારી મળી?

ભાજપના પ્રદેશ બક્ષીપંચ મોરચા દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ, ડાંગ જિલ્લામાં વિશ્વનાથ મહાલે, સુરત શહેરમાં કિશનભાઈ પટેલ, તાપીમાં રાજુભાઈ મોહિત, વડોદરા શહેરમાં ભરતભાઈ સ્વામી અને વડોદરા જિલ્લામાં ધર્મેશકુમાર પંચોલીની નિમણૂક કરવામાં આવી છે. પંચમહાલમાં ઈલેન્દ્રભાઈ પંચાલ, મહીસાગરમાં જયેન્દ્રભાઈ બારોટ અને કર્ણાવતીમાં કલ્પેશભાઈ નાઢાંની જવાબદારી નક્કી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં મહેશભાઈ ચાવડા અને રમણભાઈ ભોઈને, જ્યારે ગાંધીનગર જિલ્લામાં મહેન્દ્રભાઈ બાવળીયા તથા રમેશજી ઠાકોરને જવાબદારી સોંપવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599